પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

વર્ષ : ૨૫ • અંક : ૨૧૦ • કુલ પાના : ૪ • તારીખ : ૩૦-૦૪-૨૦૨૨ શનિવાર • કિંમત રૂા.૧.૫૦/-

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)


RNI NO:- 67073/97 9712880678 panchmahalsamachar@gmail.com panchmahalsamachar panchmahalsamachar www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગ્રુપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

### ચોથા ભાગનાં પાવર પ્લાન્ટ બંધ

## ૧૬ રાજ્યોમાં ૧૦ કલાક પાવર કાપ : કોલસાનો સપ્લાય વધારવા વેકેશન સમયે ૧૬ પેસેન્જર ટ્રેનોના ફેરા ઘટાડાયા

નવીદિલ્હી,
કાળઝાળ ગરમીના કારણે દેશભરમાં વીજળીની માંગ વધી રહી છે. આવી સ્થિતિમાં દેશના ચોથા ભાગના પાવર પ્લાન્ટ બંધ છે. પરિણામે ૧૬ રાજ્યોમાં ૧૦ કલાક સુધી પાવર કાપ મુકાયો છે. સરકારી રેકોર્ડ મુજબ, દેશભરમાં ૧૦ હજાર મેગાવોટ એટલે કે ૧૫ કરોડ યુનિટનો કાપ થઈ રહ્યો છે, પરંતુ વાસ્તવમાં વીજળીની અછત ઘણી વધારે છે. આ દરમિયાન રેલવે મંત્રાલયે એક મોટું પગલું ભર્યું છે. રેલવેએ પાવર પ્લાન્ટ્સને કોલસાના ઝડપી સપ્લાય માટે ૨૪ મે સુધી ઘણી પેસેન્જર ટ્રેનોને રદ્દ કરી દીધી છે. જેથી કોલસા વહન કરતી માલગાડીઓ નિર્ધારિત સ્ટેશનો પર સમયસર પહોંચી



શકે.

ભારતીય રેલવેના એક્ઝિક્યુટિવ ડિરેક્ટર ગૌરવ કૃષ્ણ બંસલના જણાવ્યા અનુસાર, પેસેન્જર ટ્રેનો રદ્દ કરવાનો નિર્ણય હંગામી છે. સ્થિતિ સામાન્ય થતાંની સાથે જ સેવાઓ ફરી શરૂ થઈ જશે. આ નિર્ણય બાદ રેલ્વે તેના કાફલામાં વધુ એક લાખ કોચને ઉમેરવા જઈ રહી છે. આ ઉપરાંત રેલવે માલસામાનની ઝડપી અવરજવર માટે ડેડિકેટેડ ફ્રેટ કોરિડોર પણ બનાવી રહ્યુ છે.હંગામી રીતે રદ્દ કરાયેલી ટ્રેનોમાં લાંબા અંતરની મેલ અને એક્સપ્રેસ ૫૦૦ ટ્રેનોનો સમાવેશ થાય છે. આ સાથે રેલવે દ્વારા કોલસાના રેકનું એવરેજ દૈનિક લોડિંગ પણ ૪૦૦થી વધારે કરાયું છે. આ આંકડો છેલ્લા ૫ વર્ષમાં સૌથી વધુ છે. કોલસાની વર્તમાન માંગને પહોંચી વળવા રેલવે દરરોજ ૪૧૫ કોલસાના રેકનું પરિવહન કરી રહી છે. જેથી કોલસાની વર્તમાન માંગને પુરી કરી શકાય. આ કોલસાના દરેક રેકમાં ૩૫૦૦ ટન કોલસો હોય છે.

જ્યારે, પાવર કટની અસર હવે રાષ્ટ્રીય રાજધાની દિલ્હીમાં પણ દેખાવા લાગી છે. કોલસાની અછતના ભારે સંકટ વચ્ચે દિલ્હી સરકારે મેટ્રો અને હોસ્પિટલ સહિત અનેક આવશ્યક સંસ્થાઓને ૨૪ કલાક વીજળી પૂરી પાડવાની અસમર્થતા વ્યક્ત કરી છે. દિલ્હીના ઉર્જા મંત્રી સત્યેન્દ્ર જૈને કેન્દ્રને પત્ર લખીને રાષ્ટ્રીય રાજધાનીને વીજળી સપ્લાય કરતા પાવર પ્લાન્ટ્સને પૂરતા કોલસાની ઉપલબ્ધતા સુનિશ્ચિત કરવા વિનંતી કરી હતી.જૈને કહ્યું કે દાદરી-૨ અને ઉંચાહર પાવર સ્ટેશનનો વીજ પુરવઠો ખોરવાઈ શકે છે. હાલમાં દિલ્હીમાં ૨૫-૩૦% વીજળીની માંગ આ પાવર સ્ટેશનોમાંથી પૂર્ણ થઈ રહી છે. છેલ્લા કેટલાક દિવસોથી આ સ્ટેશનોમાં કોલસાની અછત છે. આ કિસ્સામાં, સમસ્યા કોઈ પણ સમયે ઘેરી બની શકે છે.

બીજી તરફ એકલા યુપીમાં ૩ હજાર મેગાવોટથી વધુની અછત છે. ૨૩ હજાર મેગાવોટ વીજળીની માંગ છે, જ્યારે પુરવઠો ૨૦ હજાર મેગાવોટ છે. પાવર કાપનું મુખ્ય કારણ દેશના ચોથા ભાગનાં પાવર પ્લાન્ટ બંધ છે. આમાંથી ૫૦% પ્લાન્ટ કોલસાની અછતને કારણે બંધ છે.

ઉર્જા મંત્રાલયના જણાવ્યા અનુસાર, દેશના ૧૮ પીટહેટ પ્લાન્ટ્સ એટલે કે કોલસાની ખાણોના સ્થળ પર આવેલા એવા પાવર સ્ટેશનોમાં નિર્ધારિત ધોરણનો ૭૮% કોલસો છે. જ્યારે દૂરનાં ૧૪૭ પાવર સ્ટેશનો (નોન-પીટહેટ પ્લાન્ટ)માં ક્ષમતાનાં સરેરાશ ૨૫% કોલસો ઉપલબ્ધ છે. જો આ પાવર સ્ટેશનો પાસે કોલસાનો સ્ટોક સેટ સ્ટાન્ડર્ડ મુજબ ૧૦૦% હોય, તો પીટહેટ પ્લાન્ટ ૧૭ દિવસ અને નોન-પીટહેટ પ્લાન્ટ ૨૬ દિવસ સુધી ચાલી શકે છે. દેશના કુલ ૧૭૩ પાવર પ્લાન્ટ્સમાંથી ૧૦૬ પ્લાન્ટ્સમાં શૂન્યથી લઈને ૨૫% વચ્ચેનો કોલસો છે. વાસ્તવમાં કોલસા પ્લાન્ટ પાવર ઉત્પાદનને કોલસાના સ્ટોક અનુસાર શેડ્યૂલ કરાય છે. જ્યારે સ્ટોક પુરો થઈ જાય છે, ત્યારે ઉત્પાદન પણ પૂર્ણ થઈ જાય છે. રેલવેએ કહ્યું છે કે એક સપ્તાહમાં કોલસાના સપ્લાયમાં ૧૦ ટકાનો વધારો થયો છે. માલગાડી દ્વારા ખાણથી પ્લાન્ટ સુધીનો સમય ૧૨% થી ૩૬% ઘટ્યો છે.

કેન્દ્રીય કોલસા અને ખાણ મંત્રી પ્રહલાદ જોશીએ કહ્યું કે દેશભરના થર્મલ પ્લાન્ટ્સમાં ૨.૨૦ કરોડ ટન કોલસો છે, જે ૧૦ દિવસ માટે પૂરતો છે. એવામાં, તેમની સંપૂર્ણ ક્ષમતા સાથે મળીને ઉત્પાદન કરવું જોઈએ. ઝઝ્નના મેનેજિંગ ડિરેકટર પીએમ પ્રસાદે જણાવ્યું હતું કે પ્લાન્ટને દરરોજ ૨.૨ લાખ ટન કોલસો આપવામાં આવશે.

પંજાબમાં વીજળીનું સંકટ વધી ગયું છે. લગભગ ૪૬ ડિગ્રી તાપમાન હોવા છતાં ૧૨ કલાક સુધી કાપ જોવા મળી રહ્યો છે. શહેરોમાં ૪ થી ૫ કલાક, ગામડાઓમાં ૧૦ થી ૧૨ કલાક પાવર કાપ સહન કરવો પડી રહ્યો છે. હવે આપઁ સરકારના ઉર્જા મંત્રી હરભજન સિંહે આ અંગે ખુલાસો કર્યો છે. તેમણે કહ્યું કે અગાઉની ચન્નીસરકારે આ સિઝન માટે કોઈ વ્યવસ્થા કરી ન હતી. છેલ્લા વર્ષ દરમિયાન વીજળીની માંગ ૪૦% વધી છે. આવી સ્થિતિમાં ૨૪ કલાક વીજળી માટે પ્રયાસો કરવામાં આવી રહ્યા છે.

## અનામત ઉમેદવારનું મેરીટ જનરલ કરતા ઉંચુ હોય તો ઓપન કવોટા માટે હકકદાર : સુપ્રીમ

નવીદિલ્હી,
સુપ્રીમ કોર્ટે જણાવ્યું હતું કે શેડયુલ કાસ્ટ-શેડયુલ ટ્રાઈબ કે ઓબીસી કેટેગરીના ઉમેદવારને જો જનરલ કેટેગરીના ઉમેદવાર કરતા વધુ ઉંચા માર્કસ હોય તો તેને જનરલ કેટેગરીમાં પ્રવેશનો-નોકરીનો હકક રહેશે. જેનો મતલબ એ થઈ શકશે કે જો અનામત કેટેગરીના વિદ્યાર્થી ઉંચા મેરીટના કારણે જનરલ કેટેગરીથી વધુ માર્કસ કે રેંક મેળવતા હોય તો તે જનરલ કેટેગરીમાં પ્રવેશ- નોકરીનો અધિકાર કે નિયુક્તિને પાત્ર ગણાશે અને અનામત કેટેગરીમાં જે તે અનામત વર્ગના અન્ય વિદ્યાર્થીને લાભ આપી શકાશે.સુપ્રીમ કોર્ટના ન્યાયમૂર્તિ એમ.આર.શાહની ખંડપીઠે અગાઉના સુપ્રીમ કોર્ટના ચુકાદા જેમાં ભારત સરકાર વિ. સૌરવ યાદવ વિ. ઉતરપ્રદેશ સરકાર અંગેના કેસમાં અપાયેલા ચુકાદાનો આધાર લીધો હતો.



ભારત સંચાર નિગમ લી.માં ભરતી અંગે બે અરજદાર અશોકકુમાર યાદવ અને દિનેશકુમાર યાદવે સ્પર્ધાત્મક મહિનામાં જનરલ કેટેગરીના ઉમેદવાર કરતા વધુ માર્કસ મેળવ્યા હતા અને તેઓએ જનરલ કેટેગરીના ઉમેદવાર તરીકે તેઓને નિયુક્તિ આપવા માંગ કરી હતી. જેનો ઈક્રાર થતા વિવાદ હાઈકોર્ટમાં ગયો અને હાઈકોર્ટે પણ આ બન્ને ઉમેદવારને જનરલ કેટેગરીના ઉમેદવાર ગણી મેરીટમાં તે મુજબ સ્થાન આપવા આદેશ આપ્યો હતો જેની સામે ભારત સંચાર નિગમ લી.એ સુપ્રીમમાં અરજી કરી હતી પણ સર્વોચ્ચ અદાલતે પણ હાઈકોર્ટના આદેશને યોગ્ય ગણાવ્યો હતો.

રાજસ્થાન ટેલીકોમ સર્કલમાં ટેલીકોમ ટેકનીકલ આસીસ્ટન્ટ ની ભરતીમાં આ વિવાદ સર્જાયો હતો. પરીક્ષામાં જનરલ કેટેગરીના કોઈ વિદ્યાર્થીઓએ ૪૦% થી વધુ માર્કસ મેળવ્યા ન હતા. જયારે ઓબીસી કેટેગરીમાં ચાર વિદ્યાર્થીઓને ૩૩%થી વધુ માર્કસ મળ્યા હતા. પરિણામ કંગાળ હોવાથી બીએસએનએલ એ તમામ કેટેગરીમાં યોગ્યતાનો માપદંડ ૧૦% ઘટાડયો જેના કારણે જનરલ કેટેગરીમાં ૩૦% અને અનામત કેટેગરીમાં ૨૩%નો માપદંડ નિશ્ચિત થતા જ ઓબીસી કેટેગરીમાં ૩૩% મેળવનાર વિદ્યાર્થીઓએ તેમને જનરલ કેટેગરીમાં નિયુક્ત આપવા માટે અરજી કરી હતી. જેના કારણે ઓબીસી કેટેગરીમાં વેઈટીંગમાં આવતા વિદ્યાર્થીઓ સેન્ટ્રલ એડમીનીસ્ટ્રેટીવ ટ્રીબ્યુનલમાં અપીલ કરી હતી અને તેમની તરફેણમાં ચુકાદો લઈને તેઓએ અનામત કેટેગરીમાં નોકરી મેળવી હતી.

સર્વોચ્ચ અદાલત સમક્ષ એ મુદો હતો કે મેરીટમાં જનરલ કેટેકરી કરતા ઉંચા માર્કસ મેળવનાર અરજદારને અનામતના બદલે જનરલ કેટેગરીના યાદીમાં સમાવી શકાય કે કેમ! સુપ્રીમ કોર્ટે નિશ્ર્ચિત કર્યુ કે કોઈપણ અનામત કેટેગરીના વિદ્યાર્થી ઓપન કે જનરલ કેટેગરીમાં પસંદગી મેળવવાનો અધિકાર છે. તેઓ ખુદના મેરીટના ધોરણે આ સ્થાન મેળવે છે અને તેથી તેને અનામતનો જે કેટેગરીમાં આવતા હોય તેમાં ગણી શકાય નહી.

અદાલતે નિશ્ચિત કર્યુ કે અનામત કેટેગરી છતા પણ જો તેમાં ઉંચા મેરીટ હોય તો તેને મેરીટ મુજબ જ ગણી શકાશે અને આ રીતે બે અરજદારોએ જનરલ કેટેગરીમાં ગણીને તે મુજબ નિયુકત આપી શકાશે. જો કે અદાલતે સ્પષ્ટ કર્યુ કે જયારે આ બે અરજદારોને અગાઉથી જ નિયુક્ત આપી દેવાઈ છે તેથી જનરલ કેટેગરીમાં નિયુક્ત આવેલા ઉમેદવારને નોકરી પરત લઈ શકાશે નહી.

## દેશના ૧૬ રાજ્યોમાં ૨-૧૦ કલાક સુધી વિજળી કાપ, દિલ્હીમાં મેટ્રો બંધ થઈ શકે છે

નવીદિલ્હી,
દેશભરમાં અત્યંત ભીષણ ગરમીના કારણે વિજળીની માંગ વધી રહી છે જેના કારણે દેશના ચોથા ભાગના પાવર પ્લાન્ટ બંધ છે. પરિણામે ૧૬ રાજ્યોમાં ૧૦ કલાક સુધી વિજળી કાપ મૂકવાનો શરુ થઈ ગયો છે. સરકારી રેકૉર્ડ મુજબ દેશભરમાં ૧૦ હજાર મેગાવૉટ એટલે કે ૧૫ કરોડ યુનિટનો કાપ થઈ રહ્યો છે પરંતુ વિજળીની કમી વાસ્તવમાં ઘણી વધુ છે. વળી, વિજળી કાપની અસર હવે રાષ્ટ્રીય રાજધાની દિલ્હીમાં પણ થવા લાગી છે. કોલસાની કમીના કારણે ઘેરાતા સંકટ વચ્ચે દિલ્લી સરકારે મેટ્રો અને હોસ્પિટલો સહિત રાજધાનીની સરકારી હોસ્પિટલો સહિત ઘણી જરુરી સંસ્થાઓને ૨૪ કલાક વિજળી પુરવઠામાં અસમર્થતા વ્યક્ત કરી છે.

દિલ્હીના વિજળી મંત્રી સત્યેન્દ્ર જૈને સ્થિતિની સમીક્ષા કરવા માટે એક ઈમરજન્સી બેઠક કરી હતી આ સાથે જ કેન્દ્રને પત્ર લખ્યો અને અનુરોધ કર્યો કે તે રાષ્ટ્રીય રાજધાનીને વિજળી પુરવઠો આપતા પાવર પ્લાન્ટને પૂરતા કોલસાની ઉપલબ્ધતા સુનિશ્ચિત કરે.

સત્યેન્દ્ર જૈને જણાવ્યુ કે દાદરી-૨ અને ઉંચાહાર વિજળી સ્ટેશનોથી વિજળીનો પુરવઠો બાધિત થઈ શકે છે. હાલમાં દિલ્લીમાં વિજળીની ૨૫-૩૦% માંગ આ વિજળી સ્ટેશનોથી જ પૂરી કરવામાં આવી રહી છે. આ સ્ટેશનોમાં છેલ્લા અમુક દિવસોથી કોલસાની કમી છે. એવામાં મુશ્કેલી વધી શકે છે. આ તરફ એકલા ઉત્તર પ્રદેશમાં જ ૩૦૦૦ મેગાવૉટથી વધુની કમી છે. ત્યાં ૨૩ હજાર મેગાવૉટ વિજળીની માંગ છે જ્યારે સપ્લાય ૨૦ હજાર મેગાવૉટ છે. વિજળી કાપનુ મુખ્ય કારણ દેશના એક ચતુર્થાંશ વિજળી પ્લાન્ટ્સનુ બંધ થવુ છે. આમાંથી ૫૦% પ્લાન્ટ કોલસાની કમીના કારણે બંધ છે. દિલ્લી જ નહિ દેશના ઘણા રાજ્યોમાં વિજળી સંકટ વધવાની સંભાવના વધી ગઈ છે. ભીષણ ગરમી અને કોલસાની કમીના કારણે દેશના ઘણા રાજ્યોમાં વિજળી સંકટ છે. પાવર પ્લાન્ટ્સમાં ઓછા ઉત્પાદન વચ્ચે રાજ્ય ભારે માંગને પૂરી કરવા માટે ઝઝૂમી રહ્યા છે. દેશમાં વિજળીની કુલ કમી ૬૨.૩ કરોડ યુનિટ સુધી પહોંચી ગઈ છે. આની પાછળ કોલસાની કમીને માનવામાં આવી રહી છે. દેશમાં પાવર પ્લાન્ટ્સનો ભંડાર છેલ્લા નવ વર્ષોમાં સૌથી ઓછો છે. જે રાજ્યો કે વિસ્તારોમાં હવામાન તરફથી મહત્તમ તાપમાન વધવાની ચેતવણી આપવામાં આવી છે ત્યાં વિજળીની માંગમાં પણ વધારો થવાની સંભાવના છે.




## પીપાવાવ પોર્ટ પરથી ૯૦૦૦ કિલો ડ્રગ્સનું કન્સાઈન્મેન્ટ ઝડપાયું

મુંદ્રા,
ગુજરાતની જળ સીમામાંથી દેશમાં ડ્રગ્સ ઘુસાડવાનું ષડયંત્ર ચાલી રહ્યું છે. પહેલા કંડલા અને મુંદ્રા પોર્ટ બાદ હવે પીપાવાવ પોર્ટ પરથી મોટા પ્રમાણમાં ડ્રગ્સનો જથ્થો ઝડપાયો છે. ડીઆરઆઈ, કસ્ટમ અને એટીએસ દ્વારા હાલમાં સંયુક્ત ઓપરેશન હાથ ધરાયું છે. પોર્ટ પરથી કન્ટેનરમાંથી મોટા પ્રમાણમાં નશીલી દવાઓનો જથ્થો મળ્યો છે. ડ્રગ્સને પગલે હાલમાં તમામ સેન્ટ્રલ એજન્સીઓના સિનિયર અધિકારીઓના પીપાવાવ પોર્ટ પર પહોંચી ગયા છે.



પીપાવાવ પોર્ટ પર અંદાજે ૯૦૦૦ કિલો ડ્રગ્સ મળી આવ્યું છે, જે અત્યાર સુધીનું દેશનું સૌથી મોટું ડ્રગ્સ કન્સાઈન્મેન્ટ હોવાની સંભાવના છે. રાજ્યમાં ડ્રગ્સ ઘુસાડવા માટે જે રીતે ઉત્તરાયરણમાં દોરીને કલર પીવડાવવામાં આવે છે, તેવી રીતે સુતળી ઉપર ડ્રગ્સનો ઢોળ ચડાવીને તેને ઘુસાડવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો હતો.

## શેખ હસીનાએ ભારતને ચટગાંવ બંદર ઓફર કર્યુ

ઢાકા,
ભારતે ચીનની ચાલ નિષ્ફળ બનાવીને બાંગ્લાદેશમાં ભારે મોટો ડિપ્લોમેટિક વિજય મેળવ્યો છે.બાંગ્લાદેશે ભારતને પૂર્વોત્તરના રાજ્યો સાથે કનેક્ટિવિટી વધારવા માટે ચટગાંવ બંદરનો ઉપયોગ કરવાની રજૂઆત કરી છે.બાંગ્લાદેશના વડાપ્રધાન શેખ હસીનાએ ભારતના વિદેશ મંત્રી એસ.જયશંકર સાથેની મુલાકાત દરમિયાન આ પ્રકારની રજૂઆત કરી હતી.

ચટગાંવ બંદર-પોર્ટ બાંગ્લાદેશનું મુખ્ય બંદર છે.આ બંદર દ્વારા ભારત-બાંગ્લાદેશ વચ્ચેના દ્વિપક્ષીય સંબંધો મજબૂત બનશે.આ



ઉપરાંત આસામ,મેઘાલય,મણિપુર અને ત્રિપુરા જેવા પૂર્વોત્તરના રાજ્યો સાથેની કનેક્ટિવિટી પણ સુધરી જશે.આમ બાંગ્લાદેશની રાજધાની ઢાકા પહોંચેલા જયશંકરે શેખ હસીનાને તેમના ભારતીય સમકક્ષ નરેન્દ્ર મોદી તરફથી નવી દિલ્હી આવવાનું નિમંત્રણ આપ્યું હતું.

## GSTનું વળતર લંબાવવામાં નહીં આવે તો રાજ્યને આવકમાં ૩૦,૦૦૦ કરોડનું નુકસાન થશે

નવીદિલ્હી,
જો કેન્દ્ર સરકાર ચાલુ વર્ષના જુલાઈ મહિનાથી જીએસટી વળતરને લંબાવશે નહીં તો સૌથી વધુ ટૅક્સ ચૂકવનારા મહારાષ્ટ્ર રાજ્યને વર્ષે ૩૦,૦૦૦ કરોડ રૂપિયાનું નુકસાન જશે એમ રાજ્યના નાણા વિભાગના વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું હતું. જીએસટી ઍક્ટમાં એના અમલીકરણનાં પ્રથમ પાંચ વર્ષમાં રાજ્યને આવકમાં થયેલા નુકસાન સામે મહિનામાં બે વખત વળતર ચૂકવવાની ખાતરી આપવામાં આવી હતી.



નાણાકીય વર્ષ ૨૦૧૫-'૧૬ને પાયાનું વર્ષ ગણીને જીએસટી કલેક્શનમાં વાર્ષિક ૧૪ ટકાની વૃદ્ધિની ધારણા મૂકીને આવકમાં ઘટાડાની ગણતરી કરવામાં આવી હતી. ૧ જુલાઈ ૨૦૧૭થી એકસમાન કરવ્યવસ્થા લાગુ કરવામાં આવી હોવાથી પાંચ વર્ષનો આ સમયગાળો જૂન ૨૦૨૨માં પૂરો થાય છે. અનેક રાજ્યોએ જૂન ૨૦૨૨ બાદ જીએસટી વળતરને લંબાવવાની માગણી કરી હોવા છતાં તેમ જ કેન્દ્રીય નાણાપ્રધાન નિર્મલા સીતારમણે એને સ્વીકૃતિ આપી હોવા છતાં હજી રાજ્યોને એની ખાતરી આપવામાં આવી નથી.

એક ઉચ્ચ ઔદ્યોગિક રાજ્ય હોવાને કારણે મહારાષ્ટ્ર એકઠા કરાયેલા કુલ કેન્દ્રીય જીએસટીમાં લગભગ ૧૫ ટકા ફાળો આપે છે જે કેન્દ્ર સરકારને જાય છે. જો જીએસટી વળતર પ્રણાલીને જૂન પછીથી લંબાવવાનો ઈનકાર કરે છે તો મહારાષ્ટ્રને આવકમાં ૩૦,૦૦૦ કરોડનું નુકસાન થાય એમ છે. ૨૦૨૦-'૨૧માં કેન્દ્રએ રાજ્ય પાસેથી ૪૬,૬૬૪ કરોડ રૂપિયા એકઠા કર્યા હતા અને રાજ્યને ૫૨૧ કરોડ મળ્યા હતા. કેન્દ્ર જુલાઈ મહિનામાં ચુકવણી કરે છે અને એમાં વિલંબ થાય તો વહીવટી ગૂંચવણો સર્જાય છે એમ અધિકારીએ જણાવ્યું હતું.

# મહિસાગર આવૃત્તિ

લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા

પંચમહાલ સમાચાર

## સંતરામપુર તાલુકાના કાળીબેલ ગામે ખેતરમાં મુકેલ સિંચાઈની પાઈપોમાં આગ : કોન્ટ્રાક્ટરને ૩૦ લાખનું નુકશાન


તસ્વીર : બશીર પઠાણ, સંતરામપુર

સંતરામપુર,

સંતરામપુર તાલુકાના કાળીબેલ ગામે રોડની પાસે ખેતરોમાં ૧૭૪ સિંચાઈ વિભાગ દ્વારા કામગીરી માટે પાઈપોનો મોટો જથ્થો કરવામાં આવેલો હતો. લિપ એરીગેશન કામગીરી ચાલતી હતી અને ખેતરમાં મૂકેલી પાઈપો કોને આગ લગાવી જે તપાસનો વિષય બન્યો છે. જયંતિ એજન્સી દ્વારા તપાસ હાથ ધરવામાં આવેલી છે અને પોલીસ ફરિયાદ પણ કરવામાં આવેલી છે. સિંચાઈ વિભાગ દ્વારા ખેડૂતોને એજન્સી દ્વારા પાણી નાખીને ખેડૂતોને પાણી પૂરૂં પાડવામાં આવતું હોય છે. નુકશાન કેમ કરે છે,આવી રીતે કોન્ટ્રાક્ટર દ્વારા ખેડૂતો પર આરોપ મૂકવામાં આવેલો છે.એની પાસે મૂકવામાં આવેલી પાઈપોનો જથ્થો બળીને ખાખ થઈ ગયો આગની લપેટમાં અંદર એકબીજાની અને પવન સાથે આગ આગનો ફેલાવો થતાં ચારે બાજુથી પાઈપો વળી ગઈ હતી. ફાયર ફાઈટર દ્વારા આગ બુઝાવવાનો પ્રયાસ કરવામાં આવેલો હતો, પરંતુ તે પહેલા તો કોન્ટ્રાક્ટર ૩૦ લાખનો માલસામાન બળીને ખાખ થઈ ગયો હતો. આગની ઘટના બનતા જ ચારે બાજુથી ગ્રામજનો દોડી આવેલા હતા અને આવી મોટી મોટી આગ લાગવાથી અને ફેલાવાથી ચહલ પહલ મચી ગઈ હતી. ટોળા આવી ઘટના બનતા લોકો જોવા માટે ઉમટી પડ્યા હતા. આવા રોડ ઉપર ખુલ્લામાં મૂકવામાં આવેલી પાઈપો અચાનક આગ લાગી ક્યાંથી તે ખરેખર તપાસનો વિષય બન્યો છે. આ અંગેની અરે આ ઘટનાની ગંભીરતાપૂર્વક નોંધ લેવામાં આવશે અને આટલી રકમનું નુકશાન થતા કોન્ટ્રાક્ટર દ્વારા સંતરામપુર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવશે અને તેની તપાસ પણ કરવામાં આવશે ત્રણથી ચાર કલાક સુધી આગનો ફેલાવો વધી રહ્યો હતો.

## મહીસાગર જિલ્લામાં દિવ્યાંગ ખેલાડીઓ માટેની જિલ્લાકક્ષાની સ્પે.ખેલ મહાકુંભ-૨૦૨૨ અંતર્ગતની સ્પર્ધાઓ યોજાઈ


તસ્વીર : ધ્રુવ દરજી, લુણાવાડા

લુણાવાડા,

ગુજરાત સરકારના રમત ગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ,ગાંધીનગરના સ્પોર્ટ્સ ઓથોરીટી ઓફ ગુજરાત ગાંધીનગર દ્વારા આયોજિત અને જિલ્લા રમત ગમત અધિકારીની કચેરી મહીસાગર દ્વારા ખેલ મહાકુંભ-૨૦૨૨ અન્વયે દિવ્યાંગ ખેલાડીઓ માટે સ્પે.ખેલ મહાકુંભનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પે.ખેલ મહાકુંભમાં શારીરિક ક્ષતિની સ્પર્ધા વેદાંત સ્કૂલ, લુણાવાડાના મેદાન ખાતે યોજાઈ હતી.


આ સ્પર્ધાની શરૂઆતમાં જિલ્લા કલેકટર ડો. મનીષકુમારે ઉપસ્થિત રહી દિવ્યાંગ ખેલાડીઓને પ્રોત્સાહન પૂરૂં પાડી ખેલાડીઓનું મનોબળ વધાર્યું હતું. ચેસના ખેલાડાઓ સાથે ચર્ચા કરી તેમની રમત નિહાળી હતી.

જિલ્લા કલેકટરએ આ પ્રસંગે જણાવ્યું કે, દિવ્યાંગ સ્પર્ધકો પણ સામાન્ય ખેલાડીઓની જેમ રમત રમી શકે છે અને તેમની કુશળતા નિદર્શિત કરી શકે તે માટે ખેલ મહાકુંભ દ્વારા આયોજિત વિવિધ સ્પર્ધાઓ પ્રોત્સાહક સાબિત થઈ રહી છે.મહીસાગર જિલ્લાના ખેલાડીઓ તેમાં સારામાં સારૂં પ્રદર્શન કરીને જિલ્લાનું નામ રોશન કરશે તેવી આશા પણ તેમણે વ્યક્ત કરી.

મહીસાગર જિલ્લામાં ખેલ મહાકુંભ-૨૦૨૨ અન્વયે દિવ્યાંગ ખેલાડીઓ માટે સ્પે.ખેલ મહાકુંભનું આયોજન કરવામાં આવેલ તેમા ૪૦૦ જેટલા દિવ્યાંગ ખેલાડીઓએ ભાગ લઈ રમતોમાં તેમની કુશળતાનું કૌવત દેખાડ્યું હતું.

આ ખેલ મહાકુંભમાં જિલ્લા રમતગમત અધિકારી મયુરીબેન તથા રમતગમત સાથે સંકળાયેલા અધિકારીઓ-કર્મચારીઓ અને સ્પર્ધકો અને તેમના વાલીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

## મલેકપુર પગારકેન્દ્ર શાળા ખાતે શિક્ષક વય નિવૃત્તિ વિદાય સન્માન સમારોહ યોજાયો


તસ્વીર : વીરભદ્ર સિસોદીયા, મલેકપુર

મલેકપુર ,

મલેકપુર પગારકેન્દ્ર માંથી શિક્ષક દિગ્વિજયસિંહ હડમતસિંહ સિસોદિયા ૫૮ વર્ષ પૂર્ણ થતાં ખુબજ લાંબી શિક્ષક તરીકે સેવા આપી નિવૃત થતા હોય મલેકપુર પગારકેન્દ્ર ખાતે વય નિવૃત સન્માન સમારોહ યોજાયો. કાર્યક્રમમાં મોટી સંખ્યામાં ઉપસ્થિત મહેમાનોનું પગારકેન્દ્ર આચાર્ય રમેશભાઈ પટેલ દ્વારા શાબ્દિક સ્વાગત કરવામાં આવ્યું. ઉપરાંત સ્વાગત ગીત તથા પુષ્પગુચ્છથી પણ સ્વાગત કરવામાં આવ્યું. કાર્યક્રમમાં ઉપસ્થિત સૌ એ બાપુ દ્વારા શિક્ષણ ક્ષેત્રે કરેલ સેવાઓને બિરદાવવામાં આવી, મલેકપુર ખાતેજ જન્મ લીધો અને મલેકપુર ખાતે શિક્ષક તરીકે ફરજ બજાવી નિવૃત થતા જન્મભૂમિને જ કર્મભૂમિ બનાવવા નું સદભાગ્ય પ્રાપ્ત થયું તેમણે સેવા દરમિયાન પગારકેન્દ્ર આચાર્ય, શિક્ષક સંઘમાં કારોબારી સભ્ય, ગ્રામ્ય કેળવણી મંડળના મંત્રી, મલેકપુર સેવા સહકારી અર્ધક્ષમ મંડળીના સભ્ય એમ વિવિધ સેવાકીય કામગીરીને બિરદાવવામાં આવી. આ પ્રસંગે તેમનું સન્માન પત્ર, શાલ અને મોમેન્ટો આપી મંચસ્થ મહાનુભવો તથા ઉપસ્થિત સૌ શિક્ષકો, સ્નેહીજનો અને ગ્રામજનોએ સન્માન કર્યું. અધ્યક્ષ દ્વારા તેમની સાથે કરેલ કામગીરીની જૂની યાદોને યાદ કરી સૌને કરેલા કાર્યોથી સૌને વાકેફ કરી ખૂબ લાંબુ અને સુખી જીવન જીવે તેવી પ્રભુ સમક્ષ પ્રાર્થના કરી.

આ કાર્યક્રમમાં મહિસાગર જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘના પ્રમુખ શશીકાન્ત પટેલ, લુણાવાડા તાલુકા પ્રાથમિક શિક્ષક સંઘ પ્રમુખ બીપીનભાઈ પટેલ, ગ્રામ્ય કેળવણી મંડળના પ્રમુખ ભુલાદાદા, માજી ઈજનેર આર.એલ પટેલ, શિક્ષક દિનેશભાઈ, લુણાવાડા ટીચર્સ સોસાયટીના ચેરમેન. પ્રાથમિક શિક્ષક સંઘના હોદ્દેદારો, વિવધ શાળાના આચાર્ય અને શિક્ષકો, સ્નેહીજનો, ગ્રામજનો, મલેકપુર પગારકેન્દ્રના આચાર્ય અને શિક્ષકો ઉપસ્થિત રહ્યા હતા.

## સંતરાપુર અને કડાણાના નિવૃત્ત શિક્ષકો સમારંભ મંત્રીની ઉપસ્થિતીમાં યોજાયો


તસ્વીર : બશીર પઠાણ, સંતરામપુર

સંતરામપુર,

ધી સંત તાલુકા ટીચર્સ કો-ઓ.ક્રેડિટ સોસાયટી લી.સંતરામપુર આયોજિત સંતરામપુર અને કડાણા તાલુકાના નિવૃત્ત શિક્ષકોનો સન્માન સમારંભ રાજ્ય કક્ષાના ઉચ્ચ શિક્ષણ મંત્રી કુબેરભાઈ ડીંડોરના અધ્યક્ષ સ્થાને યોજાયો.

આ પ્રસંગે ગુજરાત રાજ્યના શિક્ષક સંઘ સંઘના મહામંત્રી સતિષભાઈ પટેલ તથા જિલ્લા શિક્ષણ સમિતિના ચેરમેન બાબુભાઈ પટેલ જિલ્લા ઉપ્રમુખ શાંતિલાલ પટેલ સંતરામપુર મંડળ મહામંત્રી છગનભાઈ માલ કડાણા અને સંતરામપુર તાલુકા પંચાયતના બન્ને પ્રમુખો કડાણા મંડળ પ્રમુખ અંબાલાલ પટેલ સંતરામપુરના યુવા અને પ્રતિભાશાળી નેતા સચીનભાઈ શાહ તથા જિલ્લા અને તાલુકાના હોદ્દેદારો તથા સમસ્ત શિક્ષક મિત્રો હાજર રહ્યા.

## મહીસાગર જિલ્લા મહિલા સુરક્ષા સમિતિની બેઠક યોજાઈ

લુણાવાડા,

મહિલાઓ સામેના અત્યાચારો રોકવા માટે મહીસાગર જિલ્લા મહિલા સુરક્ષા સમિતિના સભ્યો સાથે મહિસાગર જિલ્લાના મુખ્ય મથક લુણાવાડા ખાતે જિલ્લા સેવા સદનના કોન્ફરન્સ હોલમાં જિલ્લા કલેકટર ડો. મનીષકુમારના અદયક્ષ સ્થાને બેઠક યોજઈ હતી.

આ બેઠકમાં જિલ્લા કલેકટર ડો. મનીષકુમારે મહિલાઓ સામેના અત્યાચારો રોકવા મહિલાઓની સુરક્ષાપર ચર્ચા કરી માર્ગદર્શન પુરૂ પાડ્યું હતું. તેમજ નાયબ પોલીસ અધિક્ષક ડો. હાર્દિક પ્રજાપતિએ પોલીસની ભૂમિકા તેમજ તેઓની મર્યાદાઓ અંગે વિસ્તૃત માહિતી આપી હતી. તેમણે ગ્રામ્ય તેમજ શહેરી કક્ષાએ થતી ગુનાખોરી અટકાવવામાં પોલીસને કેવી રીતે મદદ કરી શકાય તેની સમજ આપી હતી. તેમણે કેવી રીતે પોલીસને મદદ કરી શકાય તેની જાણકારી આપતાં કહ્યું હતું કે, જયારે રાત્રિના સમયે અસ્થિર મગજની મહિલાને કોઈ મુશ્કેલી પડે કે અટવાઈ ગઈ હોય, દૂરના સ્થળોએથી મજુરી અર્થે આવેલા મજુરોના ઓળખપત્રોની ચકાસણી કરવી કે અજાણી વ્યકિતની જાણકારી મળે તો તો તેની જાણ પોલીસને જાણ કરીને પોલીસને મદદરૂપ બનવા કહ્યું હતું.

સાથે સમિતિનો મુખ્ય ઉદ્દેશ સમજાવતા મહિલાઓની સુરક્ષા, મહિલા સશકિતકરણ, મહિલાઓના સામેના અત્યાચારો રોકવા માટે, તેમજ અંધશ્રદ્ધાના નામે મહિલાઓ પર થતા અત્યાચારો નિવારવાના પ્રયાસો આ સમિતિ દ્વારા કરવામાં આવતાં હોવાનું જણાવી જિલ્લામાં આવા પ્રકારના અત્યાચારો ન થાય તેની જાગૃતતા લાવવાનું કામ તેમજ મહિલાઓના આરોગ્ય સંબંધિત સમસ્યાઓ નિવારવાના પ્રયાસો પણ આ સમિતિ દ્વારા કરવામાં આવી રહ્યા હોવાનું ઉમેર્યું હતું.

આ બેઠકમાં જિલ્લા મહિલા સુરક્ષા સમિતિની બિન સરકારી મહિલા સભ્યઓ તેમજ સખી વન સ્ટોપના કર્મીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## લુણાવાડા બાવન પાટીદાર સમાજ હોલ ખાતે ૬ઠી મે એ ઔદ્યોગિક રોજગાર ભરતીમેળો અને સ્વરોજગાર માર્ગદર્શન સેમિનાર યોજાશે

લુણાવાડા,

મહિસાગર જિલ્લા રોજગાર વિનિમય કચેરીદ્વારા બાવન પાટીદાર સમાજ હોલ, ચાર કોસિયા નાકા લુણાવાડા ખાતે તા.૦૬/૦૫/૨૦૨૨ના રોજ સવારે ૧૦:૦૦ કલાકે ઉમેદવારો માટે ઔદ્યોગિક રોજગાર ભરતીમેળો અને સ્વરોજગાર માર્ગદર્શન સેમિનારનું આયોજન કરેલ છે. જેમાં ઉમેદવારોને અનુબંધ પોર્ટલ રજીસ્ટ્રેશન માર્ગદર્શન, તેમજ સ્વરોજગારલક્ષી એજન્સી દ્વારા સ્વરોજગારલક્ષી લોન સહાય યોજના અંગેનું માર્ગદર્શન આપવામાં આવશે.તેમજ ઔદ્યોગિક રોજગાર ભરતીમેળામાં ખાનગી ક્ષેત્રમાં રોજગારીની તક માટે એસ,એસ.એસી, એચ.એસ.સી, ડીપ્લોમા આઈ.ટી.આઈ. ગ્રેજ્યુએટ લાયકાત ધરાવતા ઉમેદવારોને ૧૮ થી ૩૫ વર્ષની વય મર્યાદા ધરાવતા અનુભવી,બિન અનુભવી ઉમેદવારોને ખાનગી ક્ષેત્રમાં રોજગારીની તક પૂરી પાડવામાં આવશે. આ ઔદ્યોગિક રોજગાર ભરતીમેળામાં પંચમહાલ, અમદાવાદ, વડોદરા જિલ્લાના નોકરીદાતા દ્વારા સુઈંગ ઓપરેટર, ટ્રેની,રીસેપ્શન, ટેલીકોલર, કોમ્પ્યુટર ઓપરેટર, મશીન ઓપરેટર, લાઈન ઓપરેટર, હેલપર, ટીમ મેમ્બર , ફાઈનાન્સ પ્લાનર સેલ્સ એક્ઝીક્યુટીવની જગ્યા માટે ઈન્ટરવ્યુ પ્રક્રિયા કરવામાં આવશે. ઔદ્યોગિક રોજગાર ભરતીમેળામાં ભાગ લેવા માંગતા અને રોજગાર કચેરીની સેવાઓનો અવિરત લાભલેવા માટે અનુબંધમ પોર્ટલ anubandham.gujarat.gov.in વેબસાઈટ પર જોબસીકર તરીકે રજીસ્ટ્રેશન કરાવવા તથા ઔદ્યોગિક રોજગાર ભરતીમેળામાં ભાગલેવા જિલ્લા રોજગાર અધિકારી એમ જે પ્રજાપતી એ જણાવેલ એક અખબારી યાદીમાં જણાવ્યું છે. વધુ માહિતી માટે આ હેલ્પલાઈન નંબર-૬૩૫૭૬૩૯૦૩૯૦ પર સંપર્ક કરવો.


સંતરામપુરમાં પાંચ વર્ષની રિયા અને ફહીમા શેખ ફિરોજભાઈ અને તનવીરભાઈ બે દીકરી રોજા રાખ્યો હતો. ૨૬નો રોજો રાખીને પરિવારમાં ખુશીનો માહોલ જોવા મળ્યો હતો અને પરિવાર દ્વારા બે બાળકીઓનું સન્માન કર્યું હતું. બે બાળકીઓ ગરમીમાં રોજો રાખ્યો અને બાળકીઓમાં ઉત્સાહ જોવા મળ્યો હતો.

## આપની આજ.......

મેષ : જીવનસાથી તમારી સર્જનાત્મક ક્રિયાઓથી પ્રભાવિત થશે અને મહત્વપૂર્ણ કાર્યોમાં તમારી સલાહ લેશે. ધાર્મિક કાર્યમાં થોડો ખર્ચ થશે, પરંતુ તે તમારી ખ્યાતિમાં વધારો કરશે. વ્યવસાયની દિશામાં કરવામાં આવેલા સકારાત્મક પરિવર્તનથી તમને સફળતા મળશે

વૃષભ : આજનો દિવસ મિશ્રિત ફળ આપશે. વિદ્યાર્થીઓ માટે વિદેશમાં શિક્ષણ મેળવવા, કાર્યોમાં એકાગ્રતા જાળવવા માટે સમય સારો છે. વાણીની નરમાઈ તમારી પ્રતિષ્ઠામાં વધારો કરશે. પ્રતિકૂળ સંજોગોમાં પણ તમારો સ્વભાવ પ્રેરણાદાયક રહેશે.

મિથુન : આજનો દિવસ સાધારણ ફળદાયક રહેશે. ધંધામાં કોઈ સાથીદાર કે સંબંધી દ્વારા માનસિક તણાવ પેદા થઈ શકે છે, ધૈર્ય રાખો. પૈસાના વ્યવહારમાં સાવચેત રહો, નહીં તો આજે અપાયેલા પૈસા પાછા આવવાની સંભાવના ઓછી રહેશે.

કર્ક : અચાનક પારિવારિક ખર્ચ માનસિક દબાણમાં વધારો કરી શકે છે. આજીવિકાના ક્ષેત્રે ચાલુ પ્રયત્નો સફળ થશે અને ભાઈઓના સહયોગથી લાભની સ્થિતિ ઉદ્ભવશે. રાજકીય સહયોગ મળશે અને અટકેલા સરકારી કામ પૂરા થશે.

સિંહ : કૌટુંબિક સહયોગ મળશે અને નવા વેપારીઓને લાભ થશે. રાજકીય દિશામાં કરવામાં આવેલા પ્રયત્નો ફળદાયી થશે, સાર્વજનિક સારો સહયોગ પ્રાપ્ત થશે. તમને શાસન સત્તાનો ટેકો મળશે અને ભવિષ્યમાં તમને તેમનો સારો લાભ મળશે.

કન્યા : તમે તમારા જીવનસાથી સાથે સારો સમય પસાર કરશો. સફળ વ્યાવસાયિક યોજનાઓ તમારી પ્રતિષ્ઠામાં વધારો કરશે અને તમારા બધા કાર્યોમાં મદદરૂપ થશે. પારિવારિક સમસ્યાઓનો અંત અને મહત્વપૂર્ણ કાર્યો સંપન્ન થતા તમારું વર્ચસ્વ વધશે.

તુલા : ધંધામાં લાભની શરતો રહેશે અને નવી તકો પણ મળશે. તબીબી વ્યાવસાયિકોની પ્રતિષ્ઠા વધશે અને આર્થિક સ્થિતિ સુધરતી રહેશે. લવ લાઈફમાં વધારે અપેક્ષાઓ નિરાશા તરફ દોરી શકે છે. તમારા ભાઈની આર્થિક સ્થિતિ મજબૂત રહેવાથી તમે ખુશ થશો

વૃશ્ચિક : વિદ્યાર્થીઓને ગુરુઓની મદદથી ભાવિની યોજના બનાવવાની તક મળશે. આજીવિકા રોજગારની દિશામાં કરવામાં આવેલા પ્રયત્નોથી સફળતા મળશે. પ્રેમ જીવનમાં તમને ભેટ મળશે.

ધનુ : વધુ મહેનતને કારણે સ્વાસ્થ્ય કંઈક નરમ રહેશે. સમાજ તરફથી ઈચ્છિત સહયોગ મળશે. જો તમે નોકરી કરો છો તો તમારા અધિકારો વધશે અને જવાબદારી વધશે. વિદ્યાર્થીઓને આર્થિક સંકટમાંથી રાહત મળશે. સાંજે કોઈ પણ જોખમી કાર્યથી દૂર રહેવું.

મકર : લવ મેરેજ ઈચ્છુક માટે સમય અનુકૂળ છે. માતાના સ્વાસ્થ્યની સંભાળ રાખો અને ડોકટરો પાસે તપાસ કરાવો. વિવાહિત જીવન સુખી રહેશે અને આર્થિક સ્થિતિ મજબૂત થવાના કારણે ભંડોળમાં વૃદ્ધિના સંકેત મળશે. ક્ષેત્રમાં તમારી સ્થિતિ અને પ્રતિષ્ઠા વધશે.

કુંભ : ઈચ્છાશક્તિ અને સંકલ્પના કારણે તમને ધંધામાં સારો લાભ મળશે અને મિત્રોની સહાયથી વ્યવસાયિક યોજના મજબૂત બનશે. પિતાનું માર્ગદર્શન તમને મુશ્કેલ નિર્ણયો લેવામાં મદદ કરશે.

મીન : તમને કોર્ટ સંબંધિત બાબતોમાં ફાયદો થશે અને નસીબ પણ જોખમી નિર્ણયમાં તમને સહયોગ આપશે. રોજગાર ક્ષેત્રે ચાલુ પ્રયત્નો સફળ થશે. આકસ્મિક ધન લાભ થવાના યોગ બની રહ્યા છે. સાસરિયાઓની તરફેણમાં કોઈની સાથે મતભેદ થઈ શકે છે, પરંતુ તમને તમારા જીવનસાથી તરફથી પૂરો સહયોગ મળશે.

### વડાપ્રધાને ગ્લોબલ પાટીદાર બિઝનેસ સમિટ ૨૦૨૨નો પ્રારંભ કરાવ્યો

## જેમ સુરતીઓ હીરો ચમકાવે તેમ ખેડૂત અને તેના પરસેવાને પણ ચમકાવે : વડાપ્રધાન નરેન્દ્ર મોદી



સુરત,

આજથી સુરતના સરથાણામાં ગ્લોબલ પાટીદાર બિઝનેસ સમિટ ૨૦૨૨નો પ્રારંભ થઈ રહ્યો છે. ત્રણ દિવસ ચાલનારા આ સમિટનું ઉદ્ઘાટન પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી વર્ચ્યુઅલી માધ્યમથી કર્યું હતું.આ સમિટમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ પણ વર્ચ્યુઅલી જોડયા હતા. આ વખતના સમિટમાં ૩૬ કિલો ચાંદીના ભગવાનના વાઘા આકર્ષણનું કેન્દ્ર બન્યા છે. પ્રેમવતી ગોલ્ડ દ્વારા ભગવાનના આ વાઘા તૈયાર કરાયા છે. ૧૮ કારીગરોએ ૯૫ દિવસને મહેનત બાદ આ ખાસ વાઘા બનાવ્યા છે. ગ્લોબલ પાટીદાર સમિટમાં દેશ વિદેશ અનેક પાટીદાર ઉદ્યોગપતિઓ જોડાયા હતા.

પોતાના સંબોધનમાં પીએમ મોદીએ કહ્યું કે, દુનિયાના સૌથી તેજીથી વિકસિત થઈ રહેલા શહેરોમા એક શહેર સુરત છે. આજે સૌ સુરતમાં બેસીને નવો સંકલ્પ લઈ રહ્યાં છીએ. ગુજરાત પ્રતિ અને ભારત પ્રતિ આપણા સહિયારા પ્રતિબદ્ધતાનું પરિણામ છે. દેશને નવી આઝાદી મળી હતી ત્યારે સરદાર પટેલે કહ્યુ હતું કે, ભારતમાં સંપદાની કોઈ અછત નથી. આપણે ફક્ત આપણુ દિમાગ તેના સદુપયોગ માટે લગાવવુ પડશે. આગામી ૨૫ વર્ષમાં જ્યારે આપણે સંકલ્પ સાથે નીકળીએ તો સરદાર પટેલની આ વાતને ભૂલવુ ન જોઈએ. આજે ભારત પાસે ઘણુ છે, માત્ર આત્મવિશ્વાસ, આત્મનિર્ભરતા જુસ્સાને મજબૂત કરવાનો છે. વિકાસમાં સૌથી ભાગીદારી હશે તો જ આ આવશે. ગત ૮ વર્ષમા દેશમાં બિઝનેસ, ઉદ્યમ, ક્રિએટિવિટીનો નવો વિશ્વાસ જગાવવાનો પ્રયાસ કરાયો છે. દેશના યુવકો આંત્રપ્રિન્યોર બનાવનુ સપનુ જોવા લાગ્યા છે. મેક ઈન ઈન્ડિયાને નવી ભારતની નવી સંસ્કૃતિ બનાવવા કામ કરવામાં આવી રહ્યુ છે.

તેમણે કહ્યું કે, નાનો વેપાર કરનારો દેશવાસી પણ ભારતની ગ્રોથ સ્ટોરી સાથે પોતાને જોડાયેલુ અનુભવે છે. તેને પણ પીએમ સ્વરોજગાર યોજનાથી ભાગીદારી મળી છે. આ યોજનાને ડિસેમ્બર ૨૦૨૪ સુધી આગળ વધારાઈ છે. દરેક વેપારનો દેશના વિકાસમાં યોગદાન છે. મને ખુશી છે કે આ સમિટમાં તમે આ વિષય પર ચર્ચા કરી રહ્યા છે. ગગજીભાઈ સાથે વાત કરો તો નિરાશાનું નામ ન હોય. નવુ કરવાની વાત તેમનો સ્વભાવ બન્યો છે. સમાજ માટે જાત ઘસીને કરવાનું તેનાથી આ કામ સફળ થતા હોય છે. હીરાની દુનિયામાં આપણે હીરા બનાવ્યા, પણ આજે જુદા ક્ષેત્રમા તમને લઈ જવા માંગુ છું. મારુ સૂચન છે કે, નાનુ ગ્રૂપ બનાવો. જેમાં અનુભવી વડીલો હોય અને ૪૦ ટકા યુવાનો હોય. તેમને ગુજરાતમાં કયા વિષયમાં દેશમા આગળ વધવુ હોય તે માટે રિસર્ચ કરે. સરકારી નીતિ, સમસ્યા, પડકારો પર કામ કરે. બેક્રિંગ માટે પણ કામગીરી થાય. નીતિઓમાં ક્યાં ભૂલ છે, ક્યા સમસ્યા ઉભો થાય છે, ફાઈનાન્સ જેવા વિષયો પર ડોક્યુમેન્ટેશન કરે.

પીએમ મોદીએ ખેતી ક્ષેત્રે કહ્યુ કે, આજે મારી સામે ૯૯ ટકા લોકો ખેડૂતના દીકરા છે. કરોડોમાં ભલે રમે, પણ આપણી જડ ખેતી છે. વડવાઓનુ તપ છે. જો આપણે વેપારમાં આગળ વધ્યા તો ખેતી ક્ષેત્રે કેમ નહિ. લગભગ જમીન પર બિલ્ડર આવીને મોટી ઈમારત બનાવે. પણ હવે જ્યારે નર્મદાનુ પાણી ખૂણેખૂણે પહોંચ્યુ છે તો ગુજરાતની ખેતી આધુનિક બનાવવા માટે આ ક્ષેત્રમાં જોડાવે. મારી વિનંતી છે કે ગુજરાતની જમીનનું રિસર્ચ કરનારી ટીમ બનાવો. એગ્રિકલ્ચર ક્ષેત્ર સાથે મળીને કામ કરો. આજથી વર્ષો પહેલા ગુજરાતમાં ડેરી ઉદ્યોગ વિકસ્યો ન હોત તો આપણા ગામડાની અને ખેડૂતોની દશા માઠી થઈ હોત. આજે ગુજરાતનું ડેરી ઉદ્યોગમાં નામ થયુ છે. પશુપાલન અને દૂધના વ્યવસાયને તાકાત મળી છે. તેવી જ તાકાત કૃષિ પેદાશને મળી શકે. જેમ હીરો ચમકાવો તેમ મારા ખેડૂત અને તેના પરસેવાને વધુ ચમકાવો. ફૂડ પ્રોસેસિંગમાં આપણે બહુ જ પાછળ છે. કારણ કે પ્રાઈવેટ ઈન્વેસ્ટમેન્ટ આવી નથી રહ્યુ.

તેમણે કહ્યુ કે, આયુર્વેદની માંગ વધી છે. આપણે દુનિયાના હોલિસ્ટિક હેલ્થકેરની જે ચર્ચા ચાલી છે, તેમાં આપણે યોગદાન આપી શકીએ છીએ. સુરતથી બહાર જઈને આ ક્ષેત્રમાં જઈ શકો છો. હવે નક્કી કરો કે મોટા શહેરોમાં કામ નથી કરવું. વીજળી મળતા જ હીરાઘસુઓ ગામડામાં હીરાની ઘંટી લઈ ગયા. નક્કી કરો કે ગુજરાતના મોટા શહેરો નહિ, પણ તેના પછીના શહેરોમાં કામ કરો. તેનાથી ઈન્વેસ્ટમેન્ટમાં બચત થશે. જમીન સસ્તી મળશે અને ગુજરાતના વિકાસનો દાયરો ફેલાશે. ૨૫-૩૦ એવા નાના શહેરો પકડો અને તેને ધમધમતા કરો. એ શહેરોની નજીક નવા શહેરો બની શકે છે. આ સમિટમાં આ દિશામાં વિચાર કરશો તો મારા મનમાં લાંબા ગાળની સ્કીમ બનાવતા એકેડેમિક વર્લ્ડ મારી સાથે આવશે. મને તમારા પર ભરોસો છે. એક તબક્કે મોદીએ ગુજરાતના પાટીદાર સમુદાયને ટકોર પણ કરી હતી કે, તમારા (પાટીદારના) છોકરાઓ ઝંડા લઈને મુર્દાબાદ, મુર્દાબાદ કરતા નિકળી પડે છે તો તેમને સમજાવો કે જ્યોતિગ્રામ યોજના આવી તે પહેલા કેવા અંધારામાં રહેતા હતા.

પોતાના ભાષણની શરૂઆતમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સરદાર સાહેબને યાદ કરતાં કહ્યુ કે, સરદાર વલ્લભભાઈ પટેલે આઝાદી વખતે કહેલું કે, દેશમાં સંપદાની કોઈ અછત નથી. આપણે માત્ર આપણા મગજનો સદઉપયોગ કરીને તેના ઉપયોગ કરવાની જરૂર છે. આપણે એક સંકલ્પ સાથે કોઈ કામની શરૂઆત કરીશું તો પરિણામ ચોક્કસ મળવાનું છે. માટે સરદાર સાહેબની વાતને ન ભૂલવી જોઈએ.

વડાપ્રધાને કટાક્ષ કરતાં કહ્યું કે, આજકાલ અમારો વિરોધ કરતાં અને અમારી વિરુદ્ધ નારેબાજી કરતાં તમારા છોકરાઓને સમજાવો કે, પહેલા કેવા દિવસો હતાં. વીજળી પણ પૂરતી મળતી નહોતી. સરકારે કેટલી મહેનત કરીને આ પ્રગતિમાં આપણે પહોંચ્યા છીએ. એ પણ ન ભૂલવું જોઈએ.

દાહોદ આવૃત્તિ
દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર

પંચમહાલ સમાચાર

# દાહોદ જિલ્લાના તમામ તાલુકામાં બાળકો ના જાતીય શોષણ વિશે કાનૂની જાગૃતિ અભિયાન યોજવામાં આવ્યા



તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,

જિલ્લા અદાલત દાહોદના એડી.ડીસ્ટીકટ જજ એસ.આઈ. ભોરણીયાએ સરકારી ઈન્જનીયર કોલેજ દાહોદ ખાતે લગભગ ૧૫૦ જેટલા વિદ્યાથી.વિદ્યાથીઓને બાળકોના જાતીય શોષણ.પોકસો એકટ વિશે સમજૂતી આપવામાં આવી હતી. તેમજ બીજા એડી. ડીસ્ટીકટ જજ. બી.એચ. સોમાણીએ ભગીની સમાજ દાહોદ ખાતે લગભગ ૧૦૦ જેટલી મહિલાઓને બાળકોના જાતીય શોષણ.પોકસો એકટ.વિશે જાણકારી આપવામાં આવી હતી તથા ચેરમેન અને પિન્સીપાલ સિનિયર સિવિલ જજ.આર.એન. પટેલ દવારા ભીલ સેવા મંડળ.કન્યા શાળા દાહોદ ખાતે પોકસો એકટ સંદર્ભે સમજણ અપાઈ હતી.

વધુમાં તાલુકા કાનૂની સેવા સમિતિ.લીમખેડાના ત્રીજા એડી. ડીસ્ટીકટ જજ.પી.પી.પુરોહિત અને તેઓની સાથે તાલુકા કાનૂની સેવા સમિતિ લીમખેડાના ચેરમેન અને પિન્સીપાલ સીનીયર સીવીલ જજ. સી.એન. મારફતીયા દવારા આટેસ કોલેજ લીમખેડા ખાતે તાલુકા કાનૂની સેવા સમિતિ ઝાલોદના ચેરમેન ટી. એલ. એસ. સી અને પિન્સીપાલ સીનીયર સીવીલ જજ કે. સી.જોષીએ મુણખોસલા, મુખ્ય પ્રાથમિક શાળા ઝાલોદ ખાતે, તાલુકા કાનૂની સેવા સમિતિ, ફતેપુરાના ચેરમેન અને પિન્સીપાલ સીવીલ જજ એ.એ.દવે એ ડુંગર મુખ્ય પ્રાથમિક શાળા ખાતે તાલુકા કાનૂની સેવા સમિતિ સંજેલીના ચેરમેન અને પિન્સીપાલ સીવીલ જજ જે.જે. જાદવે માધ્યમિક શાળા, વાસીયા સંજેલી ખાતે અને તાલુકા કાનૂની સેવા સમિતિ, ગરબાડાના ચેરમેન અને પિન્સીપાલ સીવીલ જજ. કે.આર. યાદવે જેસાવાડા ગ્રામ પંચાયત તાલુકા ગરબાડા ખાતે તથા તાલુકા કાનૂની સેવા સમિતિ દેવગઢ.બારીયાના ચેરમેન અને પિન્સીપાલ સીવીલ જજ. એ.જે.વાસુએ એમ.એચ.માદયમિક શાળા, ઝાબ. દેવગઢ બારીયા ખાતે તેમજ તાલુકા કાનૂની સેવા સમિતિ ધાનપુરના ચેરમેન અને પિન્સીપાલ સીવીલ જજ વી.વાય ત્રિવેદીએ કસ્તુરબા ગાંધી બાલીકા વિદ્યાલય પાવ, તા.ધાનપુર ખાતે પોકસો એકટ વિશે વિસ્તૃત જાણકારી આપવામાં આવી હતી.

વધુમાં ઉપરોક્ત તમામ જાગૃતિ પોગ્રામમાં નામ જજ કોટના કામકાજના સમય સિવાય રૂબરૂ હાજર રહી દાહોદ જિલ્લાના તમામ તાલુકાઓમાં પોકસો એકટ વિશે સરળ સમજૂતી આપવામાં આવી હતી અને તે અંગે બાળકોને સરળતાથી સમજાય તે માટે પોકસો એકટ અને બાળકોના જાતીય શોષણ વિશેનો વિડિયો પણ બતાવવામાં આવ્યો હતો અને શિક્ષકોને, આંગણવાડી બહેનોને, એન.જી.ઓ. તથા સમાજના આગળ પડતા આગેવાનોને વોટ્સએપ લોકલ ગ્રુપમાં પણ આ વિડીયો મોકલવામાં આવ્યો છે. જેનાથી બાળકો પણ વિડિયોના માદયમથી જાગૃત થાય તેવો ઉદેશ્ય રહેલ છે. જાગૃત પોગ્રામ કરવાનો મુખ્ય આશય દાહોદ જિલ્લાના તમામ તાલુકાના છેવાડાના માનવી સુધી યૌન અપરાધ, પોકસો એકટ બાળકોના જાતિય શોષણ વિશે જાગૃતિ મળે તે આશયથી જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ દાહોદ દવારા જાગૃતિ અભિયાન ચલાવવામા આવેલ જેનો મુખ્ય આશય દાહોદ જિલ્લામાં વધતા પોકસો એકટના કેસોમાં ઘટાડો થાય અને બાળકો સાથે આવા ગુનાહિત કૃત્ય, અપરાધ થતા અટકે તે હેતુથી માતા-પિતાએ, શિક્ષક તથા સામાજીક આગેવાનોએ કાળજી લેવી ખૂબ જરૂરી છે.

# ફતેપુરા તાલુકાના નીંદકાપૂર્વ તળાવમાંથી ટાઢીગોળી ગામની ૧૯ વર્ષીય યુવતીની લાશ મળી આવતા ચકચાર

ફતેપુરા,

ફતેપુરા તાલુકાના સુખસર પંથકમાં અઘટીત ઘટનાઓ રોજબરોજ વધી રહી છે. તેમાં એક બનાવની શાહી જ્યાં સુકાતી નથી, ત્યાં જ બીજો અપમૃત્યુના બનાવનો કિસ્સો બહાર આવી રહ્યો છે. તેવોજ વધુ એક કિસ્સો આજરોજ પ્રકાશમાં આવ્યો છે. તેમાં ટાઢીગોળી ગામની ત્રણ દિવસથી લાપત્તા ૧૯ વર્ષીય યુવતીની લાશ નીંદકાપૂર્વ તળાવમાંથી મળી આવતા સુખસર પોલીસને જાણ થતા તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી લાશનો કબજો મેળવી લાશને સુખસર સરકારી દવાખાનામાં પી.એમ અર્થે મોકલી આપવામાં આવી હોવાનું જાણવા મળે છે.

પ્રાપ્ત વિગતો મુજબ ફતેપુરા તાલુકાના ટાઢીગોળી ગામે રહેતા વેલજીભાઈ ભાવજીભાઈ વસૈયાને સંતાનમાં એક પુત્ર તથા એક પુત્રી હતી. જેમાં પુત્રના લગ્ન થઈ ગયેલા છે. જ્યારે પુત્રી રીનાબેન વેલજીભાઈ વસૈયા ઉંમર આશરે ૧૯ વર્ષ જે દસમા ધોરણ સુધી ભણ્યા બાદ ઘરે ઘરકામ કરતી હતી.રીનાબેન મંગળવારના રોજ તળાવ ઉપર દાદી સાથે કપડા ધોવા માટે ગઈ હતી અને તેની દાદી દાંતણ લેવા માટે તળાવથી થોડે દૂર ગયા હતા. જ્યારે તેઓ પરત આવતા રીનાબેન જોવા મળી ન હતી. અને તે ઘરે જતી રહી હોવાનું જાણી રીનાબેનની દાદી ઘરે જતા રહ્યા હતા. પરંતુ રીનાબેન ઘરે નહીં પહોંચતા અને શોધખોળ કરતા પણ રીના બેનનો કોઈ પત્તો લાગ્યો ન હતો અને છેલ્લા ત્રણ દિવસથી લાપતા થઈ હતી.અને જેની શોધખોળ ચાલુ હતી. તે દરમિયાન આજરોજ રીનાબેનનો ભાઈ તળાવ બાજુ જતા તળાવના પાણીમાં કોઈ મહિલાની લાશ હોવાનું નજરે પડતા આ વાત ગામમાં વાયુવેગે ફેલાઈ ગઈ હતી અને લાશને જોતા આ લાશ રીનાબેનની હોવાનું માલુમ પડતા પરિવારજનોમાં રોકકળ મચી જવા પામી હતી. ત્યારબાદ નીંદકાપૂર્વ તળાવમાં યુવાન મહિલાની લાશ હોવાની જાણ સુખસર પોલીસને કરવામાં આવતા સુખસર પોલીસે ઘટના સ્થળે જઈ લાશનો કબ્જો મેળવ્યો હતો અને પંચનામા બાદ લાશને પી.એમ અર્થે સુખસર સરકારી દવાખાનામાં મોકલી આપવામાં આવી હતી.

ઉપરોક્ત બાબતે મૃતક રીનાબેન ના ભાઈ અશ્વિનભાઈ વેલજીભાઈ વસૈયાએ સુખસર પોલીસ સ્ટેશનમાં જાણ કરતા અકસ્માતે તળાવના પાણીમાં પડવાથી મોત નીપજયું હોવા બાબતે જાણવાજોગ નોંધ કરી લાશને સુખસર સરકારી દવાખાનામાં પી.એમ અર્થે મોકલી પી.એમ બાદ લાશનો કબજો વાલીવારસોને સોંપી આગળની તપાસ હાથ ધરી હોવાનું જાણવા મળે છે.

## દે.બારિયા તાલુકાના ભાડ ગામે રસ્તાની બાજુના જંગલમાં

# બે દીપડાઓએ દિવસે લટાર મારતા સ્થાનિકોમાં ફફડાટ : દીપડાની લટારનો વિડીયો વાયરલ થતાં તે તરફ કેટલાક લોકોનો ઘસારો વધ્યો

- ભડભા ગામે રોડની બાજુમાં આવેલ જંગલમાં બે વન્ય પ્રાણી દીપડા દેખાતા ગ્રામ જનોમાં ફફડાટ.
- રિસોર્ટમાં આવેલા કેટલાક પ્રવાસીઓએ વીડિયો વાયરલ કર્યો.
- વીડિયો વાયરલ થતાં જ તે તરફ લોકોનો ઘસારો વધ્યો હોઈ તેમ.
- દેવગઢ બારિયામાં વધતા જતા દિપડાની વસ્તી.

દે.બારીયા,

દેવગઢ બારીયા તાલુકા મથકે થી છ કીમ દુર આવેલ ભડભા ગામે ગત રોજ રસ્તાની બાજુમાં આવેલ જંગલ તેમજ નજીક રિસોર્ટની આસપાસ ધોળે દિવસે બે દિપડાઓએ દેખા દેતાં રિસોર્ટમાં હાજર પ્રવાસી તેમજ લોકોમાં ફફડાટ ફેલાઈ જવા પામ્યો હતો. લટાર મારવા નીકળેલ બે દિપડાનો વિડીયો કોઈકે પોતાના મોબાઈલ ફોનમાં ઉતારી સોશિયલ મીડીયામાં વાઈરલ કરી દેતાં લોકોની આ વિસ્તારમાં દિપડો દેખવા અવર જવરો પણ જોવા મળી હતી.

દેવગઢ બારીયા તાલુકામાં જંગલ અને ડુંગરાળ વિસ્તાર હોવાથી વન્ય પ્રાણી દિપડા જેવા પ્રાણીઓ અવાર નવાર જોવા મળતાં હોય છે અને તેમાંય ખાસ કરીને હિંસક અને માનવ ભક્ષી દિપડાઓ દ્વારા અવાર નવાર ગ્રામીણ વિસ્તારોમાં ઘુસી જઈ લોકો ઉપર હુમલો કરતાં હોવાના બનાવો પણ ભુતકાળમાં બની ચુક્યાં છે. જેને પગલે કેટલાંક લોકોએ પોતાનો જીવ ગુમાવ્યો છે, તો કેટલાંક લોકો ઈજાગ્રસ્ત પણ થયાં હતાં. ત્યારે આજરોજ બપોરના સમયે ભડભા ગામ નજીક રસ્તાની બાજુમાં આવેલ જંગલમાં તેમજ નજીકમાં આવેલ રિસોર્ટની બહાર બે વન્ય પ્રાણી દિપડાઓએ દેખા દેતાં સ્થાનિક લોકોમાં ફફડાટ વ્યાપી ગયો હતો. ત્યારે રિસોર્ટમાં હાજર પ્રવાસીઓ પણ એકક્ષણે ચોંકી ઉઠ્યાં હતાં અને આ બંને દીપડા રસ્તાની બાજુમાં આગેલ જંગલ તેમજ રસ્તા ઉપર મોડી રાત સુધી ફરતાં જોવા મળ્યા હતો. ત્યારે કોઈકે આ બે દિપડાઓ નો વિડીયો પોતાના મોબાઈલ ફોનમાં ઉતારી સોશિયલ મીડીયમાં વાઈરલ કરી દેતાં દિપડાને જોવા આ વિસ્તારમાં લોકોની અવર જવર પણ જોવા મળી હતી. સમગ્ર મામલે સાવચેતીના ભાગરૂપે વન વિભાગ દ્વારા પગલાં લેવામાં આવે તે અત્યંત આવશ્યક બન્યું છે અને લોકો દ્વારા પણ સાવચેતી રાખવામાં આવે તે જરૂરી છે.

# બાંધકામ ક્ષેત્રે કામ કરતા શ્રમિકોના બાળકોને કન્સ્ટ્રકશનની તાલીમ વિનામૂલ્યે લેવા અનુરોધ

દાહોદ,

દાહોદ રહેતા બાંધકામ શ્રમિકના બાળકો માટે વિનામૂલ્યે તાલીમ થનાર છે. આ તાલીમ માં જોડાવવા માંગતા ઉમેદવારોની ઉંમર ૧૮ થી ૩૫ વર્ષ હોવી જોઈએ, અભ્યાસ ધોરણ-૬ પાસ થી ધોરણ- ૧૨ પાસ હોવા જોઈએ, શારીરિક રીતે તેમની ઉંચાઇ ૧૫૫ સે.મી. અને વજન ૪૫ કિલો હોવું જોઈએ. આ તાલીમમાં પાલક/ સ્કેફોલડીંગ-(૧ માસની તાલીમ), શટરીંગ-ફ્રોમ વર્ક-(૨ માસની તાલીમ), સેન્ટીંગ-(૨ માસની તાલીમ), કડીયાકામ/ ચણતર- પ્લાસ્ટર- (૨ માસની તાલીમ), આમ આ ચાર પ્રકારના કોર્ષની તાલીમ એલ એન્ડ ટી કન્સ્ટ્રકશન સ્કીલ ઈન્સ્ટીટયુટ ચાચાર્વાડી માતા બસ સ્ટોપ પાસે,બાવળા સરખેજ હાઈવે જી.અમદાવાદ ખાતે થનાર છે.

આ તાલીમ સફળતાપૂર્વક પૂર્ણ કરનારને પ્રમાણપત્ર આપવામાં આવશે તથા માસિક ૬૫૦ રૂપિયા સ્ટાઈપેન્ડ આપવામાં આવશે. તેમજ બુલેટ ટ્રેન પ્રોજેકટની કન્સ્ટ્રકશન સાઈટ પર બે વર્ષની એપ્રેન્ટીસીપ યોજનામાં જોડાઈ શકશે. અમદાવાદ ખાતે ૧ થી ૨ માસની તાલીમમાં તાલીમાર્થીને રહેવા અને જમવાની તમામ સુવિધા વિનામૂલ્યે પૂરી પાડવામાં આવશે. આ તાલીમમાં જોડાવવા માટે રોજગાર કચેરી ગોધરાના ફેસબુક પેજ jilla rojgar kacheri Dahod પર સંપર્ક કરવો તથા રોજગાર કચેરીની હેલ્પલાઈન ૦૨૬૭૩-૨૩૯૧૫૯ તથા રોજગાર સેતુ હેલ્પલાઈન નંબર ૬૩૫૭૩૯૦૩૯૦ પર સંપર્ક કરવા રોજગાર અધિકારી દાહોદ દ્વારા એક અખબારી યાદીમાં જણાવાયું છે.

# ગરબાડા તાલુકાના નંઢેલાવ ગામ ખાતે ફરતું પશુ દવાખાના વેનનું ઉદ્ઘાટન



ગરબાડા,

ગરબાડા તાલુકાના નઢેલાવ ગામ ખાતે તારીખ ૨૯ એપ્રિલના રોજ નઢેલાવ ગામના તાલુકા સભ્ય વોહનીયા સંદિપકુમાર દ્વારા નવીન ૧૯૬૨ ફરતું પશુ દવાખાના વેનનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું.

આદિવાસી અંતરિયાળ વિસ્તારોમાં છેવાડાના માનવી સુધી સરકારની પાયાની સુવિધાનો લાભ મળી રહે સમયસર પશુને ચિકિત્સા પદ્ધતિ અને સારવાર મળી રહે તે માટે તાલુકા સભ્ય સંદીપભાઈ દ્વારા આ નવીન પશુ સારવાર દવાખાનની વેનનું શુભારંભ ગામ લોકોની ઉપસ્થિતમાં કરવામાં આવ્યું હતું. જેમાં ગામ લોકો મોટી સંખ્યા ઉપસ્થિત રહ્યા હતા.

# દાહોદની અશ્વમેધ સોસાયટીમાં પાલતું કુતરાએ બે બાળકોન બચકાં ભરતાં ફફડાટ



દાહોદ,

દાહોદ શહેરમાં આવેલ અશ્વમેધ સોસાયટીમાં એક પાલતું કુતરા એ બે બાળકો સહિત છ લોકોને બચકા ભરતા વિસ્તારમાં કૂતરાના આતંકનો ફફડાટ ફેલાઈ જવા પામ્યો છે.

દાહોદ શહેરની અશ્વમેધ સોસાયટીમાં ગતરાત્રીએ પાલતુ કુતરાને તેના માલિકે છૂટો મુકતા સોસાયટીમાં રમી રહેલા બાળકો ઉપર હુમલો કરી બચકું ભર્યું હતું. બાળકોને બચાવવા માટે રહીશો દોડતા તે લોકોને પણ કુતરાએ હુમલો કરી બચકાં ભરી લીધા હતા. ઘટનામાં કુતરાએ બે બાળકો સહિત ૬ લોકોને બચકાં ભર્યા જ્યારે અન્ય બે થી ત્રણ લોકોને ઈજા પહોચી હતી. તમામ ઈજાગ્રસ્તોને દાહોદની ઝાયડસ હોસ્પિટલ ખાતે સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા. જ્યારે રહીશોએ કુતરાના માલિકને કહેતા માલિકે રહીશો સાથે ગેરવર્તણૂક કરી અપશબ્દો બોલતા મામલો બીચક્યો હતો. જેને પગલે રહીશોએ દાહોદ ટાઉન પોલીસ મથકે પહોચી કુતરાના માલિક વિરૂદધ ફરિયાદ નોધાવવાની તજવીજ હાથ ધરી હતી.

# દે.બારીયા શહેરી વિસ્તારનું સેવા સેતુ જુનુ પ્રચાર પ્રસાર ન કરાતા આમ જનતા સેવા સેતુથી વંચિત

દે.બારીયા,

ગુજરાતની ગતિશીલ અને સંવેદનશીલ સરકાર છેલ્લા ૧૦ થી ૧૨ વર્ષોથી આમ જનતાના ઓફિસીયલ કાર્યો લાભાર્થીઓના આંગણે જઈને કરવાનો સંકલ્પ લીધો હતો. તે હવે ધીમે ધીમે ઓસરી ચૂકયો છે. ગતિશીલ સરકારે આમ ગરીબ જનતા ઓફિસોના ધકકા ખાવા ના પડ તેના માટે એક જ સ્થળે તમામ ઓફિસના કાર્યો કરવા માટે સેવા સેતુનો આરંભ થયો હતો અને આમ જનતાના કાર્યો થતા હતા પરંતુ વહિવટી તંત્રની બેદરકારી ગણો કે આ કાર્યો કરવા માટે સરકારી બાબુઓને હાલ રસ જ નથી. જે સમજો એ પણ પહેલા જેવા સેવા સેતુ હવે થતા નથી. ફોર્મ લીટી દેખવા મળે છે.

મળતી માહિતી અનુસાર તા.૨૦/૦૪/૨૦૨૨ બુધવારના રોજ દે.બારીયા ખાતે શહેરી વિસ્તારનો સેવા સેતુનો કાર્યક્રમ હતો. તે કયારે થઈ ગયો તે કોઈને પણ ખબર પડી નથી કે પછી સરકારી બાબુઓના દ્વારા ખબર પડવા દીધી નથી. તેવું આમ જનતામાં ટોક ઓફ ધ ટાઉન બનવા પામ્યું છે. હાલમાં ગત સપ્તાહ શહેરી વિસ્તારનો કાર્યક્રમ થઈ ગયો તેમાં શહેરની આમ જનતાને જાણી સમજી વંચિત કરવામાં આવ્યા છે. આના પાછળ કયા પરિબળો જવાબદાર છે. તે માટે ઉચ્ચપદના અધિકારીઓ તપાસ કરે નગર પાલિકા સેવા સદનમાં આ સેવાસેતુ રાખવામાં આવ્યો હતો. તેનો કોઈપણ જાતનો પ્રચાર પ્રસાર કરવામાં આવ્યો નથી. નગર સેવા સદનની ગાડીમાં જાહેર પણ કરાયો નથી કે પછી રીક્ષાના દ્વારા જાહેરાત પણ કરવામાં આવી નથી. આના માટે નગર પાલિકાનું તંત્રને જવાબદાર ગણવો ક પછી જીલ્લા વહીવટી તંત્રને જવાબદાર ઠેરવવો ત આમ જનતામાં ચર્ચાઈ રહ્યું છે. જેથી જીલ્લાનું વહીવટી તંત્ર સેવા સેતુના કાર્યો જે તે વિભાગના આંકડા મંગાવીને આ કાર્યોના આંકડા ઉપર થી માલુમ પડી શકે પહેલાના સેવા સેતુમાં કેસો અને હાલના સપ્તાહના કેસો થયા તેના ઉપર થી માલુમ પડશે આવા અનેક સરકારી વિભાગના કાર્યો લાભ થી આમ જનતાને વંચિત કરવા કોણ જવાબદાર છે. તેની તટસ્ટ તપાસ થશે ખરી ? કે પછી જેમ ચાલે છે. તેમ ચાલવા દેવામાં આવશે અને સેવા સેતુ જવા લોકકાર્યો થતા હોય તેવા લાભોથી આમ જનતાને જાણી સમજી વંચિત કરવામાં આવ્યા છે.

# સિવિલ હોસ્પિટલ નવાફળિયા ખાતે અઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત બ્લોક હેલ્થ મેળાનું આયોજન કરાયું



ગરબાડા,

પ્રાપ્ત માહિતી અનુસાર ગરબાડા તાલુકાના નવાફળિયા ખાતે આવેલ સિવિલ હોસ્પિટલ ખાતે આઝાદીકા અમૃત મહોત્સવ અંતર્ગત બ્લોક હેલ્થ મેળાનું આયોજન જિલ્લા પંચાયત આરોગ્ય વિભાગ દાહોદ દ્વારા કરવામાં આવ્યું હતું અને લાભાર્થીઓને આયુષ્યમાન કાર્ડનું વિતરણ કરવામાં આવ્યું હતું. જેમાં ગરબાડા તાલુકાના છેવાડાના માનવીને સરકાર તરફથી મળતી આરોગ્ય વિભાગન સેવાનો લાભ મળી રહે અને આરોગ્ય વિભાગની સેવાઓ કઈ રીતે મેળવવી અને આરોગ્ય વિભાગની સેવાઓનો લાભ કઈ રીતે થઈ શકે તેની સંપૂર્ણ માહિતી આપવામાં આવી હતી. આ પ્રસંગે ૧૩૩ વિધાનસભાના ધારાસભ્ય ચંદ્રિકાબેન બારીયા તેમજ તાલુકા પંચાયત પ્રમુખ મનિષાબેન ગણાવા જિલ્લા સભ્યો તેમજ દાહોદ જિલ્લા આરોગ્ય અધિકારી પટેલ સાહેબ તેમજ તાલુકા હેલ્થ ઓફિસર એ.આર.ડાભી ણતથા ડોકટર આર.કે.મહેતા ઉપસ્થિત રહ્યા હતા અને ધાસભ્ય ચંદ્રિકાબેન અને જિલ્લા સભ્ય કમલેશભાઈ માવી દ્વારા આ કાયકર્મનું સંબોધન કરવામાં આવ્યું હતું. જેમાં સરકારની વિવિધ યોજનાઓ થી અવગત કરવામાં આવ્યા હતા. જેમાં આરોગ્ય વિભાગના સ્ટાપ આશાબેનો mphw, fhw તેમજ મેડિકલ ઓફિસરો સહિત ગામ લોકો આ હેલ્થ મેળામાં જોડાયા હતા.

# લીમખેડા ડીવીઝનના પોલીસ મથકોમાં બે વર્ષમાં પકડવામાં આવેલ ૩ કરોડ ઉપરાંતના દારૂનો નાશ કરાયો

દાહોદ,

દાહોદ જિલ્લાના લીમખેડા ડિવીઝનના પીપલોદ, સાગટાળા અને દેવગઢ બારીઆ પોલીસ સ્ટેશનનો છેલ્લા બે વર્ષમાં પકડવામાં આવેલ આશરે ૩ કરોડ ઉપરાંતનો વિદેશી દારૂનો જથ્થો પોલીસે નાશ કર્યો છે.

લીમખેડા ડીવીઝનના દેવગઢ બારીઆ, પીપલોદ તેમજ સાગટાળા પોલીસ સ્ટેશનમાં સને ૨૦૨૦,૨૧, અને ૨૨ સુધી વિદેશી દારૂ પકડવામાં આવ્યો હતો. આ વિદેશી દારૂનો નાશ કરવા માટે દેવગઢ બારીઆની કોર્ટની મંજુરી મળી હતી. કોર્ટની મંજુરી મળતાંની દેવગઢ બારીઆ પોલીસ મથકનો કુલ બોટલો નંગ. ૧,૨૬,૦૫૦ કિંમત રૂા. ૨,૧૧,૫૭૦, પીપલોદ પોલીસ સ્ટેશનનો ૨૮,૭૪૮ બોટલો કિંમત રૂા. ૮૩,૪૭,૮૮૩ તથા સાગટાળા પોલીસ મથકનો ૨૮,૭૪૮ બોટલો કિંમત રૂા.૬૮,૫૭,૭૯૫ મળી ત્રણેય પોલીસ સ્ટેશનો મળી ૨,૦૨,૫૭૨ બોટલો કુલ કિંમત રૂા. ૩,૬૩,૭૦,૨૪૯નો પ્રોહી મુદ્દામાલ ટ્રક તેમજ ડમ્ફરમાં મજુરો મારફતે ભરાવી નાયબ કલેકટર, પ્રાંત અધિકારી દેવગઢ બારીઆ. લીમખેડાના નાયબ પોલીસ અધિક્ષક, નશાબંધી, આબકારી વિગેરે અધિકારીઓ અને પોલીસ કર્મચારીઓની હાજરીમાં દાહોદ જિલ્લાના સીંગેડી ગ્રામ પંચાયત વિસ્તારમાં વિદેશી દારૂનો નાશ કરવામાં આવ્યો હતો.

# ઝાલોદ તાલુકાના ઘટક-૨ ના આંગણવાડી કેન્દ્ર વરોડ ઝટાવા ડામોર ખાતેની કાર્યકરની ઓનલાઇન પરીક્ષા રદ કરાઈ

દાહોદ,

દાહોદ જિલ્લાના આઈ.સી.ડી.એસ.હેઠળના આંગણવાડી કેન્દ્રમા કાર્યકર અને તેડાગરની ખાલી જગ્યાઓની ઓનલાઈન ભરતી માટેની જાહેરાત તા.૧૪/૦૩/૨૦૨૨ ના રોજ પ્રસિદ્ધ થયેલ હતી. જે ઝાલોદ તાલુકાના ઘટક-૨ ના આંગણવાડી વરોડ ઝટાવા ડામોરમા કાર્યકરની ક્ષતિયુક્ત ઓનલાઈન ભરતી મહિલા અને બાળ વિકાસ વિભાગ ગાંધીનગરની મંજૂરી થી રદ કરવામાં આવી છે. જેની સંબંધકર્તાઓને જાણ કરવામાં આવે છે. જિલ્લા પ્રોગ્રામ ઓફિસર આઈ.સી.ડી.એસ. જિલ્લા પંચાયત દાહોદ ની એક યાદીમાં જણાવ્યું છે.

# ગરબાડાના નવા ફળીયા ખાતે જીલ્લા આરોગ્ય વિભાગ દ્વારા મેડીકલ હેલ્થ ચેકઅપ કેમ્પ યોજાયો

ગરબાડા,

ગરબાડાના નવાફળીયા ખાતે જિલ્લા પંચાયત આરોગ્ય શાખા તરફ થી તારીખ ૨૯ ના સવારના મેડિકલ હેલ્થ ચેકઅપ કેમ્પનું આયોજન કરવામાં આવેલ. જેમાં જિલ્લા આરોગ્ય અધિકારી, અધીક જિલ્લા આરોગ્ય અધિકારી, જિલ્લા મલેરિયા અધિકારી, તાલુકા હેલ્થ ઓફિસર ડો. ડાભી, ગરબાડા તાલુકા પ્રમુખ મનીષાબેન અર્જુનભાઈ ગણાવા, જિલ્લા પંચાયત સદસ્ય કમલેશભાઈ માવી, તાલુકા સભ્ય અર્જુનભાઈ ગારી તથા ગરબાડા ધારાસભ્ય ચંદ્રિકાબેન બારીયા હાજર રહ્યા હતા અને આ કેમ્પમાં અમૃતમ કાર્ડ, માં વાત્સલ્ય કાર્ડ તથા આયુષ્માન ભારત કાર્ડ કાઢવાનો કેમ્પ રાખવામાં આવેલ અને કેમ્પમાં કુલ ૪૯૫ લાભાર્થીઓએ આ કેમ્પનો લાભ લીધો હતો અને કુલ ૧૯૬ આયુષ્માન ભારત કાર્ડ નિકળવામાં આવ્યા હતા.

# વર્તમાનમાં કરવા જેવું કાર્ય

ઈસ્લામમાં પડોશીઓના ઘણા હકકો છે. આજનો મુસલમાન તેન પણ પાયમાલ કરતો જોવા મળે છે. પડોશીઓના હકકોનો એ હાલ કરે છે કે, જો ગૈર મુસ્લિમ પડોશી હોય તો તેની સાથે પણ હુસ્ને સુલુક (સદ્વર્તાવ)નો હુક્મ છે. ઈસ્લામની હદોમાં રહીને ગૈર મુસ્લીમ પડોશીઓ સાથે પણ હુસ્ને અખ્લાકનું વર્તન કરવું જોઈએ. તેની સારી ભલી અસરો આપણને જોવા મળે છે. સદ્વર્તનનો મામલો તો એવો છે કે, એના થકી મોટામોટા પૂર્વગ્રહી તથા કટ્ટરવાદી ગૈર મુસ્લીમો પણ ઘણીવાર પ્રભાવીત થઈ જાય છે અને જેઓ મધ્યમ વિચારધારાવાળા હોય છે. તેના પર સારી અસરો જરૂર પડે છે. આના માટે દરેક વ્યકિતઓ આ દિશાએ ખાસ ધ્યાન આપવાની જરૂરત છે.

( બટવાલા બકરાતે ખ્વાજા પાન. ૪૧)

તા.૩૦/૪/૨૦૨૨ શનિવાર

વકતે શહેરી ૪-૩૭

વકતે ઈફતાર ૭-૦૭

મો.હુસૈન મકરાણી, દે.બારીઆ

# ગોધરા સોનીવાડ શ્રીમાળી શેરી સ્વ. પિતૃ કલ્યાણ અર્થે શ્રીમદ્ ભાગવત સપ્તાહનું પરાયણ યોજાયું

ગોધરા,

ગોધરાના સોનીવાડ શ્રીમાળી શેરી ખાતે સ્વર્ગસ્થ જયંતીલાલ વાડીલાલ સોની પરિવાર દ્વારા સર્વ પિતૃઓના કલ્યાણ અર્થે શ્રીમદ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞ નું પારાયણ રાખેલ છે. કથાનું રસપાન સંજય ભાઈ ઉપાધ્યાય પોરવાળા સંગીતમય શૈલીમાં કરાવી રહ્યા છે. સપ્તાહ દરમિયાન શ્રી વામન પ્રાગટ્ય, શ્રી રામ પ્રાગટ્ય, શ્રી કૃષ્ણ પ્રાગટ્ય, ગોવર્ધન પૂજા, રૂકમણી વિવાહ, સુદામા ચરિત્ર, જેવા ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરાતા નગરજનો મોટી સંખ્યામાં લાભ લઈ રહ્યા.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www.panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 25, No.210

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા
પંચમહાલ સમાચાર

# ગરબાડા તાલુકાના ગાંગરડીમાં લવ જેહાદના બનાવમાં સમગ્ર ગરબાડા તાલુકો જડબેસલાક બંધ




તસ્વીર : વિપુલ જોષી, ગરબાડા

ગરબાડા,

ગરબાડા તાલુકાના ગાંગરડી ગામની એક યુવતીને ને નિઝામ જમાલુદ્દીન રંગરેજ પઠાણના ત્યાં રહેતો ગોધરાનો સુફિયાન સત્તાર પટેલ ભગાડી લઈ જતાં સમગ્ર પંથકમાં ચકચાર મચી જવા પામી હતી. મુસ્લિમ યુવક હિન્દૂ યુવતીને ભગાડી લઈ જતા સ્થાનિક ગ્રામજનો અને સમાજના લોકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. ઘટના બનતા જ સમગ્ર ગાંગરડી ગામ સ્વયંભુ બંધ થઈ ગયું હતું અને જ્યાં સુધી યુવતીને તેના પરિવારજનોને સોંપવામાં નહીં આવે ત્યાં સુધી ગામ અચોક્કસ મુદ્દત માટે બંધ રાખવાની જાહેરાત કરવામાં આવી હતી. તો બીજી તરફ તારીખ ૨૮ ના સમાજના આગેવાનો પણ એકત્રિત થઈ ગયા હતા અને ઘટના સંદર્ભે ગરબાડા પીએસઆઈ મામલતદાર અને જિલ્લા પોલીસ વડાને પણ આવેદન આપ્યું છે. આ સમગ્ર મામલો લવ જેહાદ જોડે સંકળાયેલો હોવાથી હિન્દુ સંગઠનો દ્વારા પણ ગરબાડા તાલુકામાં બંધનું એલાન આપવામાં આવ્યું હતું. જેના પગલે તારીખ ૨૯ ના સમગ્ર ગરબાડા તાલુકો જડબેસલાક બંધ રહ્યો હતો અને જેસાવાડા તથા મેલડીમાં ઘટનાને લઈને સૂત્રોચ્ચાર સાથે રેલી પણ કાઢવામાં આવી હતી.

બંધના પગલે પંથકમાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે અને કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે સમગ્ર તાલુકામાં ચુસ્ત પોલીસ બંદોબસ્ત અને એસઆરપીની ટીમ તૈનાત કરી દેવામાં આવી છે. ઘટના સંદર્ભે સમાચાર લખાય છે. ત્યાં સુધી યુવતીની કોઈ ખબર ન મળી હોવાનું જાણવા મળી રહ્યું છે. જોકે, પોલીસ દ્વારા તપાસનો ધમધમાટ નિરંતર ચાલુ હોવાનું પણ જાણવા મળી રહ્યું છે.

## લીમખેડાના હિન્દુ સંગઠન દ્વારા લીમખેડા મામલતદાર તથા લીમખેડા પોલીસ ને આવેદનપત્ર સુપ્રત કરાયું

દાહોદ,

ફતેપુરાના હિન્દુ સંગઠનો દ્વારા વિધર્મી કોમના યુવકે સગીર હિન્દુ યુવતીને ભગાડી જવાના મુદ્દે આવેદનપત્ર આપ્યું. ગાંગરડી ગામની સગીર વયની હિન્દુ યુવતીને ભગાડી જતો વિધર્મી કોમના યુવક ફતેપુરા તાલુકાના હિન્દુ સંગઠનો દ્વારા ગાંગરડી ગામ વિધર્મી કોમના યુવકે હિન્દુ સગીરવયની યુવતીને ભગાડી જવાનો કિસ્સો બહાર આવ્યો હતો. જેને લઈ હિન્દુ સંગઠનો દ્વારા સખ્ત વિરોધ નોંધાવ્યો હતો. જેને લઈ ફતેપુરા તાલુકા મામલતદાર પી.એન.પરમારને ગૃહમંત્રી હર્ષ સંઘવીને સંબોધીને આવેદન પત્ર રજૂ કરવામાં આવ્યું હતું. હિન્દુ યુવતીને ભોળવી ફોસલાવી લગ્ન કરવાના ઈરાદે તેમજ ધર્મ પરિવર્તન કરવાના બદઈરાદા પૂર્વક હિન્દુ સગીરવયની યુવતીને ૨૭ તારીખના રોજ યુવતી બી.એસ.ઈની પરીક્ષાનું અંતિમ પેપર આપવા ગઈ હતી. ત્યારે વિધર્મી કોમનો નો યુવક સુફિયાન પટેલ દાહોદની નવજીવન કોલેજ થી ભગાવી ગયો હતો. ગાંગરડી ગામે રહેતા જમાલુદિનને ત્યાં છેલ્લા પાંચ વર્ષ સુફિયાન પટેલ કામ કરતો હતો. જે મૂળ પંચમહાલ ગોધરાનો રહેવાસી છે. જેના વિરૂદ્ધ સમગ્ર હિન્દુ સંગઠન વિશ્વ હિન્દુ પરિષદ અને બજરંગદળના કાર્યકર્તાઓએ વિરોધ નોંધાવ્યો હતો અને બનાવના પગલે રોષ ભભૂકી ઉઠયો છે અને આગામી સમયમાં આ હિન્દુ યુવતી ઘરે પાછી સોંપવામાં નહીં આવે તો ઉગ્ર આંદોલન કરવામાં આવશે તેવી ચીમકી ઉચરી હતી. મામલતદાર પી.એન પરમારે આવેદનપત્ર ઉચ્ચ કક્ષાએ મોકલી આપવાની ખાતરી આપી હતી આવેદનપત્ર આપી બે મિનિટનું મૌન પાળવામાં આવ્યું હતું.

### ફતેપુરા તાલુકાના સુખસરના સ્થાનિક લોકોએ

## ગાંગરડીની સગીરાનો તાત્કાલિક કબજો તેના પિતાને સોંપાવી લવજેહાદના આરોપીની ધરપકડ કરી સજા આપવા PSI ને આવેદનપત્ર અપાયું

- સુખસર પોલીસ સ્ટેશનમાં માં તમામ સમાજના ૩૦૦થી વધુ હિંદુ ભાઈ-બહેનોએ હાજર રહી આવેદનપત્ર આપ્યું.
- લવજેહાદના કિસ્સામાં પ્રતિસાદ નહીં મળેતો સમગ્ર હિન્દુ સમાજ દ્વારા ઉગ્ર આંદોલન કરવાની અને તે દરમિયાન કોઈ અનિચ્છનીય ઘટના બને તો તંત્રની જવાબદારી રહેશે તેવી ચીમકી ઉચ્ચારવામાં આવી.

ફતેપુરા,

દાહોદ જિલ્લાના ગરબાડા તાલુકાના ગાંગરડી ગામની સગીર વયની હિન્દુ યુવતીને લઘુમતી કોમના યુવક અપહરણ કરી જતા જિલ્લાના હિન્દુ સમાજ સહિત પંચાલ સમાજના સભ્યોમાં ભારે રોષની લાગણી ફેલાઈ જવા પામી હોવાનું જાણવા મળે છે અને જિલ્લા પોલીસ વડા, પ્રાંત કલેક્ટર તાલુકા જે-તે તાલુકાના મામલતદાર સહિત સ્થાનિક પોલીસ સ્ટેશન પી.એસ.આઈ ને આવેદનપત્રો આપી હિન્દુ દિકરીનો કબજો વહેલી તકે પરત તેના પિતાને સોંપી ગુનેગાર સામે કાયદેસરની કાર્યવાહી કરવા પ્રબળ માંગ ઉઠવા પામેલ હોવાનું જાણવા મળે છે.

પ્રાપ્ત વિગતો મુજબ દાહોદ જિલ્લાના ગરબાડા તાલુકાના ગાંગરડી ગામની પંચાલ સમાજની સગીર વયની દીકરીને લઘુમતી કોમના યુવાન દ્વારા સમજાવી, પટાવી, ફોસલાવી (લવ જેહાદ)લગ્ન કરવાના ઈરાદાથી અને ધર્મ પરિવર્તન કરવાના ઈરાદાથી ૨૭ એપ્રિલ-૨૦૨૨ના રોજ દાહોદ સાયન્સ કોલેજથી વિધર્મી યુવક દ્વારા સગીરાનું અપહરણ કરવામાં આવ્યું હતું. જેને સમગ્ર હિન્દુ સમાજ અને ખાસ કરીને પંચાલ સમાજ દ્વારા આ



તસ્વીર : સંજય કલાલ, ફતેપુરા

કૃત્યને સખત શબ્દોમાં વખોડી કાઢી હિન્દુ સગીરાનો પત્તો મેળવી પરિવારને સુપ્રત કરવા તથા વિધર્મી યુવક સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવે તેવી લાગણી આવેદનપત્રમાં વ્યક્ત કરવામાં આવી છે અને જણાવવામાં આવ્યું છે કે,આ કિસ્સામાં પ્રતિસાદ નહીં મળે તો સમગ્ર હિન્દુ સમાજ દ્વારા ઉગ્ર આંદોલન કરવાની અને તે દરમિયાન કોઈ પણ અનિચ્છનીય ઘટના બનશે તો તેની તમામ જવાબદારી તંત્રની રહેશે તેવી ચીમકી ઉચ્ચારવામાં આવી હોવાનું જાણવા મળે છે.

આમ,ગાંગરડી ગામની લવ જેહાદની ઘટનામાં જિલ્લાના ખૂણે-ખૂણે થી હિન્દુ સમાજનો રોષ વ્યક્ત થઈ રહ્યો હોવાનું જાણવા મળે છે અને આવેદનપત્રો આપવામાં આવી રહ્યા છે. ત્યારે વહીવટી તંત્રોએ આ કિસ્સામાં તાત્કાલિક ધ્યાન આપી જિલ્લાની સુલેહ અને શાંતિ જળવાઈ રહે તે હેતુથી સગીરાની શોધખોળ કરી આરોપીની ધરપકડ કરવી ખૂબ જ જરૂરી જણાય છે.

## ઘોઘંબાના ફાટા મહુડા ગામે ચાર વ્યકિતઓએ વિધવા મહિલાના ઘરે મારામારી કરી સામાન ફેંકી દેતા ફરિયાદ

ઘોઘંબા,

ઘોઘંબા તાલુકાના ફાટા મહુડા ગામે રહેતા વિધવા મહિલાના ઘરે ચાર ઈસમોએ પ્રવેશ કરી મારમારી ઘરનો સરસામાન તથા તિજોરી બહાર ફેકી તેમજ ઘરના નળીયા તોડી નાખી જાન થી મારી નાખવાની ધમકી આપતા આ બાબતે દામાવાદ પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી.

ઘોઘંબા તાલુકાના ફાટા મહુડા ગામે રહેતા આરોપીઓ રમેશ મોહનભાઈ બારીયા, તેજલબેન રમેશભાઈ બારીયા, ગોકળભાઈ રમેશભાઈ, રચલીબેન અમરાભાઈ બારીયા ફળીયામાં રહેતા પ્રેમીલાબેન વિક્રમભાઈ લુહાર વિધવા મહિલાના ઘરમાં આવી પ્રેમીલાબેન, મિતલબેન અને તોરલબેનન ગડદાપાટુનો માર માર્યો હતો અને ઘરમાં મૂકી રાખેલ સરસામાન, તિજોરી ઘરની બહાર રોડ ઉપર ફેંકી દીધા હતા તેમજ ઘરના નળીયા તોડી નાખી જાનથી મારી નાખવાની ધમકી આપતાં આ બાબતે દામાવાવ પોલીસ મથકે ફરિયાદ નોંધાતા પોલીસે ગુનો નોંધી કાયદેસર કાર્યવાહી હાથ ધરી છે.

## ગોધરા તાલુકાના વેગનપુર કેનાલ પાસે અજાણ્યા વાહને ગાયને ટક્કર મારતાં કરૂણા હેલ્પલાઈન સારવાર કરી



ગોધરા,

ગોધરા-અમદાવાદ હાઈવે માર્ગ પર આવેલી વેગનપુર કેનાલ પાસે એક ગાયને અજાણ્યા વાહને અકસ્માત કરતા ગંભીર રીતે ઘવાઈ હતી. જેને લઈને જાગૃત નાગરિક દ્વારા અબોલ મુંગાપશૂઓની સારવાર કરતી કરૂણા એનિમલ હેલ્પલાઈનને કોલ કરવામા આવતા ગણતરીની મિનીટોમાં ઘટના સ્થળે પહોચી ગઈ હતી. જેમાં પાયલોટ રાજેન્દ્રસિંહ ચૌહાણ,તેમજ તજજ્ઞ પશૂ ડોક્ટર ધર્મવિરસિંહ સહિતનો સ્ટાફ પહોચી ગયો હતો અને ઘાયલ ગાયની તપાસ કરી હતી. જેમાં શરીરના અંદરના ભાગમાં વાગ્યુ હતું. આથી પ્રાથમિક સારવાર આપવામા આવી હતી અને વધુ સારવાર અર્થે જીવદયા ટ્રસ્ટ પાંજરાપોળ ખાતે મોકલી આપવામા આવી હતી.


## ગોધરા રેલ્વે સ્ટેશન અવંતિકા એકસપ્રેસ ટ્રેનની બારી પાસે બેઠેલ મહિલાના ગળા માંથી મંગળસૂત્ર સેરવી ગઠીયો ફરાર

ગોધરા,

ગોધરા રેલ્વે સ્ટેશન રાત્રીના સમયે પસાર થતી અવંતિકા એકસપ્રેસ ટ્રેનના કોચમાં બારી પાસે બેઠેલ રતલામ જીલ્લા કુવાસ નગરની મહિલાના ગળા માંથી મંગળસૂત્ર બારી માંથી અજાણ્યા ઈસમે સેરવી લેતા ગોધરા રેલ્વે પોલીસ મથકે ફરિયાદ.

પ્રાપ્ત વિગતો મુજબ ગોધરા રેલ્વે સ્ટેશન ઉપર રાત્રીના ત્રણ વાગ્યાના સમયે અવંતિકા એકસપ્રેસ ટ્રેન પસાર થતી હતી. આ ટ્રેનમાં બારી પાસે રતલામ જીલ્લાના કુવાસ નગર ખાતે રહેતા સંગીતાબેન બેઠેલ હતા. ગોધરા રેલ્વે સ્ટેશન પાસે ટ્રેન ધીમી પડતા કોઈ અજાણ્યા ઈસમે મહિલાના ગળા માંથી મંગળસૂત્ર બારી માંથી સેવરી લઈ ફરાર થઈ જતો આ બાબતે ગોધરા રેલ્વે પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

## રાજ્ય સરકાર દ્વારા કાર્યાન્વિત ખિલખિલાટ એમ્બ્યુલન્સ વાનના ચાલક તરીકે રાજ્યમાં પ્રથમ મહિલાની નિમણુંક ગોધરા ખાતે કરવામાં આવી



ગોધરા,

રાજ્ય સરકાર દ્વારા છેવાડાના અંતરિયાળ ગ્રામ્ય વિસ્તારોમાં વસતા પરિવારોની સગર્ભા મહિલાઓને ગર્ભાવસ્થા દરમિયાન ઉચ્ચ ગુણવત્તાની સારવાર મળી રહે અને તે પણ કોઈ પણ પ્રકારના શુલ્ક વગર તે નજીકના સરકારી દવાખાને પહોંચી શકે તેમજ બાળકના જન્મ બાદ બાળક અને માતાને તેમના ઘરે પરત મુકવા સુધીની વ્યવસ્થા ખિલખિલાટ વાનના માધ્યમથી પુરી પાડવામાં આવી રહી છે. ત્યારે આ ખિલખિલાટ વાનના ચાલક તરીકે રાજ્યમાં પ્રથમ મહિલાની નિમણુંક GVKEMRI દ્વારા ગોધરા ખાતે કરવામાં આવી છે. રાજ્યભરમાં ખૂબ જ સુચારૂ અને સમયબદ્ધ ચાલી રહેલ આ ખાસ સેવામાં વાનના ચાલક તરીકે મહિલાની નિમણુંક કરવામાં આવતા GVKEMRI દ્વારા મહિલાસશકિતકરણનું ઉત્તમ ઉદાહરણ પૂરૂં પાડવામાં આવ્યું છે. હાલના સમયમાં રાજ્ય સરકાર દ્વારા દરેક ક્ષેત્રે મહિલાઓને પ્રાધાન્ય મળે અને મહિલા પુરૂષ સમોવડી બને તે માટે તમામ પ્રયત્નો હાથ ધરવામાં આવી રહ્યા છે જેને લઈને મહિલાઓમાં પણ પોતપોતાના ક્ષેત્રમાં આગળ વધવા માટેનું મનોબળ વધુ મજબૂત બન્યું છે. જેના ફળસ્વરૂપે જ ગોધરા તાલુકાના સંતરોડ ગામના વતની એવા વૈશાલી ગીધવાણીને ખિલખિલાટ વાનના ચાલક એટલે કે કેપ્ટન તરીકેની જવાબદારી મળી છે. ખિલખિલાટ વાનના ચાલક તરીકેની પોતાને મળેલી જવાબદારીથી ખૂબ જ સંતુષ્ટ એવા વૈશાલી ગીધવાણી જણાવે છે કે તેઓ છેલ્લા ૩ વર્ષ ઉપરાંત સમયથી વાહન હંકારવાનો અનુભવ ધરાવે છે. GVKEMRI દ્વારા ખિલખિલાટ વાનના ચાલકની ભરતીમાં પોતાની ઉમેદવારી નોંધાવી હતી જેમાં કુલ પર ઉમેદવારોએ પોતાની ઉમેદવારી નોંધાવી હતી. જેમાં વૈશાલી ગીધવાણી એકમાત્ર મહિલા ઉમેદવાર હતા. ખિલખિલાટ વાનના ચાલક તરીકે GVKEMRI દ્વારા નક્કી કરવામાં આવેલા તમામ માપદંડોમાં વૈશાલી ગીધવાણી ઉત્તીર્ણ થયા હતા. જે બાદ તેઓને તાલીમ આપ્યા બાદ આજે ગોધરા ખાતે તેમને ખિલખિલાટ વાનના ચાલક તરીકેની નિમણુંક કરવામાં આવી છે. વૈશાલી ગીધવાણી દ્વારા આજે પોતાની ફરજ સંભાળી હતી અને જણાવ્યું હતું કે, તેઓને તેમના પરિવારજનો તેમજ GVKEMRI ના તમામનો ખુબ જ સારો પ્રતિભાવ મળ્યો છે અને તેમને સોપવામાં આવેલી જવાબદારી તેઓ ખૂબ ગંભીરતાથી બજાવશે. તેમજ તેમનો ઉદ્દેશ્ય માત્ર સગર્ભા મહિલાઓ તેમજ નવજાત બાળકને ઉત્તમ સુવિધા પૂરી પાડવાનો રહેશે અને એ પણ ખૂબ જ ચીવટતાથી એક મહિલા તરીકે ગોધરા શહેરથી અંતરિયાળ ગામોમાં મહિલા દર્દીઓને લાવવા તેમજ લઈ જવાના કામને તેઓ ખૂબ સારી રીતે નિભાવવાની નેમ વ્યક્ત કરી રાજ્યની મહિલાઓને હાકલ કરી હતી કે, તેઓ પણ તેમના મનપસંદ ક્ષેત્રમાં આગળ આવે જ્યારે સરકાર દ્વારા મહિલાઓને પુરૂષ સમોવડી બનાવવા માટે અથાગ પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે. ત્યારે મહિલાઓએ પણ પાછળ ન રહેવું જોઈએ.

## હાલોલ બાપુનગરમાં રહેતા ૨૦ વર્ષીય આશાસ્પદ યુવાને પંખે લટકી ગળે ફાંસો ખાઈ આત્મહત્યા કરી



હાલોલ,

હાલોલ નગરના ગોધરા રોડ પર આવેલ બાપુનગરમાં રહેતા અને પારૂલ યુનિવર્સિટીમાં બીબીએનો અભ્યાસ કરતાં ૨૦ વર્ષીય આશાસ્પદ યુવાને પોતાના રૂમમાં પંખે લટકી જઈ ગળે ફાંસો ખાઈ આત્મહત્યા કરી લેતા બનાવ અંગે નગર ખાતે ચકચાર સાથે ઘેરા શોકની લાગણી ફેલાઈ જવા પામી જ્યારે બનાવ અંગે હાલોલ ટાઉન પોલીસે એડી નોંધી વધુ તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.બનાવની મળતી વિગત પ્રમાણે હાલોલ નગરના ગોધરા રોડ પર આવેલ બાપુનગરમાં રહેતા ભરતકુમાર મુકુંદલાલ સોનીનો ૨૦ વર્ષીય પુત્ર ઓમકુમાર ભરતકુમાર સોની પારૂલ યુનિવર્સિટી ખાતે બીબીએમાં અભ્યાસ કરતો હતો જેમાં રોજિંદા ક્રમ મુજબ ઓમકુમાર ગતરાત્રીના રોજ પોતાના મકાનમાં આવેલા નીચેના પોતાના રૂમમાં સુઈ ગયો હતો જ્યારે પરિવારજનો પણ જમી પરિવારને પોતાના રૂમમાં સુઈ ગયા હતા જે બાદ શુક્રવારે સવારે ૭:૪૫ વાગ્યાના સુમારે ઓમકુમાર ઉપરના માળે નાસ્તો કરવા ન આવતા તે હજુ સુધી સૂઈ રહ્યો હશે તેવું સમજી ઓમના માતા સંગીતાબેન પોતાના પુત્રને ઉઠાડવા માટે નીચેના ઓમના રૂમ પર ગયા હતા જ્યાં રૂમનો દરવાજો અંદરથી બંધ હોવાથી સંગીતાબેને બૂમો પાડતા અંદરથી કોઈ જવાબ ન મળતા બાજુની બારીની તિરાડમાંથી અંદર જોતા ઓમ પંખા ઉપર ચાદર બાંધી તેનો બીજો છેડો પોતાના ગળામાં બાંધી ગળે ફાંસો લગાવેલ હાલતમાં જોવા મળતા સંગીતાબેન આ દ્રશ્ય જોઈ સ્તબ્ધ થઈ ગયા હતા અને બૂમાબૂમ કરતા આસપાસના લોકો દોડી આવ્યા હતા જેમાં રૂમનો દરવાજો તોડી અંદર જઈ ઓમકુમારને પંખા પરથી નીચે ઉતારતા તે મરણ ગયેલ હાલતમાં હતો જેને જોઈ પરિવારજનો આઘાતમાં સરી પડ્યા હતા અને તાત્કાલિક બનાવ અંગે હાલોલ ટાઉન પોલીસે ઓમકુમારની માતા સંગીતાબેનની ફરિયાદના આધારે બીબીએનો અભ્યાસ કરતા ૨૦ વર્ષીય આશાસ્પદ યુવાન ઓમકુમાર ભરતકુમાર સોનીએ ગળે ફાંસો ખાઈ લઈ કોઈ અગમ્ય કારણોસર આત્મહત્યા કરી લીધી હોવા અંગે એડી નોંધી વધુ તપાસના ચક્રો ગતિમાન કર્યા છે. જ્યારે ૨૦ વર્ષીય ઓમકુમાર ભરતકુમાર સોનીએ કોઈ કારણોસર પોતાની જીવનલીલા ટૂંકાવી લેતા માતા-પિતાએ પોતાના એકનો એક પુત્ર અને પરણીત બહેન રિયાએ પોતાના એકનો એક લાડકવાયો ભાઈ ગુમાવ્યો છે જેને લઈ પરિવારજનો પર દુઃખનો પહાડ તૂટી પડ્યો છે જ્યારે બીબીએ જેવો ઉચ્ચ અભ્યાસ કરતા આશાસ્પદ યુવાનના આપઘાતના બનાવને પગલે નગર ખાતે ચકચાર સાથે ઘેરા શોકની લાગણી ફેલાઈ છે.

## હાલોલ ખાતે શ્રી દ્વારકાધીશ ટ્રસ્ટ અને વાયરોક હોસ્પિટલ દ્વારા હાડકાં ચકાસણી કેમ્પ યોજાયો



હાલોલ,

હાલોલ નગર ખાતે શ્રી દ્વારકાધીશ હવેલી ખાતે આજે મંદિર ટ્રસ્ટ તેમજ વાયરોક સુપર સ્પેશિયાલિટી ઓર્થોપેડિક હોસ્પિટલ દ્વારા નિઃશુલ્ક હાડકા ચકાસણી કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં નગરના મોટી સંખ્યામાં દર્દીઓએ લાભ લીધો હતો. શ્રી દ્વારકાધીશ સેવા ટ્રસ્ટ હાલોલ તથા વાયરોક સુપર સ્પેશિયાલિટી ઓર્થોપેડિક હોસ્પીટલ દ્વારા કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પમાં હાડકાના દર્દ થી પીડાતા દર્દીઓએ કેમ્પનો લાભ લીધો હતો. કેમ્પમાં હોસ્પિટલના નિશાંત ડો.જેકી પટેલ તેમજ ડો. સિદ્ધાર્થ રાવલિયાએ દર્દીઓના દર્દનું નિઃશુલ્ક દર્દનું નિદાન કરી યોગ્ય દવા આપવામાં આવી હતી. વહેલી સવારથી આરંભ થયેલા આ કેમ્પ બપોરના એક વાગ્યા સુધી ચાલ્યો હતો. જેમાં ઘણાં દર્દીઓએ લાભ લીધો હતો. આ પ્રસંગે મંદિર ટ્રસ્ટના ટ્રસ્ટીઓએ તેમજ વૈષ્ણવો ઉપસ્થીત રહ્યા હતા.

## ગોધરા નજીક લીલેશરા ચોકડી બાયપાસ હાઈવે પર કારની ટક્કરે બાઈક સવાર દંપતીને ઈજાઓ પહોંચતાં ફરિયાદ

ગોધરા,

ગોધરા તાલુકાના સારંગપુર ગામે દેસાઈ ફળિયામાં રહેતા મહેન્દ્રસિંહ બારીયાએ ગોધરા શહેર બી ડિવિઝન પોલીસમથકે ફરિયાદ નોંધાવતા જણાવ્યું હતું કે તેઓના વેવાઈ શૈલેષકુમાર પરમાર અને તેઓની સાથે કોકિલાબેન બારીયા ગત ૨૮ તારીખે સવારના દસ વાગ્યાના અરસામાં પોતાની બાઈક લઈને લીલેશરા ચોકડી દાહોદ વડોદરા બાયપાસ પરથી પસાર થઈ રહ્યા હતા. તે વેળાએ પૂરઝડપે જઈ રહેલા એક કારના ચાલકે બાઈકસવાર દંપતીને અડફેટે લીધું હતું. જેમાં દંપતી ફંગોળાઈ ગ્યું હતું અને રોડની સાઈડમાં પડી ગ્યું હતું. આ અકસ્માતની ઘટનામાં શૈલેષભાઈને દાઢી તથા કપાળના ભાગે ઈજાઓ પહોંચી હતી. જયારે કોકિલાબેન બારીયાને પગ તેમજ માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી. બંને વ્યકિતઓને ૧૦૮ મારફતે ગોધરા સિવિલ હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા, જયાંથી વધુ સારવાર અર્થે કોકિલા બેનને વડોદરા ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. બીજી તરફ અકસ્માત બાદ કારચાલક કાર ઘટનાસ્થળે જ મૂકીને ફરાર થઈ ગયો હતો. સમગ્ર બનાવ અંગે ગોધરા શહેર બી ડિવિઝન પોલીસમથકે કારચાલક સામે ફરિયાદ નોંધાવા પામી છે.